CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ ઓક્ટોબર ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, આસો સુદ ૯

વર્ષ : ૧૬
અંક : ૧૦૩

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮


ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લાઓસ મુલાકાત પૂર્ણ થઈ । આ ભેટ ભારતના વિવિધ પ્રદેશોની ઓળખ સાથે સંબંધિત છે

# વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રાધ્યક્ષોને અર્પણ કરી ભારતીય સંસ્કૃતિને લગતી ભેટસોગાદો








। (એજન્સી) લાઓસ, તા.૧૧ । વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની મુલાકાતે લાઓસ પહોંચ્યા હતા. વડાપ્રધાન મોદીએ ૨૧મી આસિયાન-ભારત સમિટમાં ભાગ લેવા બદલ આયોજકનો વિશેષ આભાર માન્યો છે. તેમણે કહ્યું કે આસિયાન દેશો સાથેના સંબંધોને મજબૂત કરવાની ભારતની પ્રતિબદ્ધતા અનુસાર આ મુલાકાત ખૂબ જ ઉપયોગી હતી. તેમણે કહ્યું કે આપણે સાથે મળીને પ્રદેશમાં શાંતિ, સમૃદ્ધિ અને ટકાઉ વિકાસ માટે કામ કરવાનું ચાલુ રાખીશું. મુલાકાતને યાદગાર બનાવવા માટે પીએમ મોદીએ અનેક દેશોના રાષ્ટ્રાધ્યક્ષોને ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલી ભેટ આપી છે. વડાપ્રધાન મોદીએ જાપાનના વડાપ્રધાનને અનોખો ચાંદીનો દીવો અર્પણ કર્યો હતો. તે કિંમતી પથ્થરોથી જડેલી જટિલ સરહદી કાર્ય સાથે ભારતીય કારીગરીનો શ્રેષ્ઠ કૃતિ છે. ૯૨.૫% ચાંદીનો બનેલો ચાંદીનો દીવો મહારાષ્ટ્રના કોલ્હાપુરની કલાત્મકતાનો પુરાવો છે.

વડાપ્રધાને મીના વર્કથી બનેલી જૂની પિત્તળ બુદ્ધની પ્રતિમા પણ રજૂ કરી હતી. તે તમિલનાડુ રાજ્યનું છે. કુશળ કારીગરો દ્વારા તૈયાર કરાયેલ, આ ભેટ દક્ષિણ ભારતીય કારીગરી અને બૌદ્ધ ફિલસૂફીના સારને રજૂ કરે છે. પીએમ મોદીએ થાઈલેન્ડના પીએમને ચાંદીની કોતરણીવાળી મોરની પ્રતિમા અર્પણ કરી. અનોખી કોતરણી માટે દેશ-વિદેશમાં પ્રખ્યાત આ કલાકૃતિ પશ્ચિમ બંગાળની સંસ્કૃતિની ઓળખ છે.

ભારતીય સંસ્કૃતિમાં મોરની સુંદરતા જોવા મળે છે. કલાકારે ઝીણવટપૂર્વક મોરના જુદા જુદા પીંછા કોતર્યા છે. જે કલાકૃતિની રચના જોતા જ દેખાય છે. વડાપ્રધાન મોદીએ લાઓસના રાષ્ટ્રપતિને પાટણના પટોળાનો ખેસ અર્પણ કર્યો હતો. પટોળા એટલે રેશમી કાપડ. તે ઉત્તર ગુજરાતની પ્રાચીન પરંપરાનો એક ભાગ છે. તેનો વ્યાપ ૧૧મી સદીનો છે. આ કલાનો સમૃદ્ધ ઈતિહાસ સદીઓ જૂનો છે. એવું માનવામાં આવે છે કે તેનો ઉદ્ભવ સુરતમાં થયો હતો. PMએ લાઓસના રાષ્ટ્રપતિની પત્નીને રાધા-કૃષ્ણ થીમ પર આધારિત એક અનોખી આર્ટવર્ક રજૂ કરી. આ ઉપરાંત વડા પ્રધાન મોદીએ લાઓ પીડીઆરના વડા પ્રધાનને લદ્દાખની સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતા શણગારાત્મક વાસણો સાથે હાથથી બનાવેલી પરંપરાગત કારીગરી સાથે તૈયાર ટેબલ પ્રસ્તુત કર્યું હતું. આ ભેટ વસ્તુ લદ્દાખના સાંસ્કૃતિક વારસાને પ્રતિબિંબિત કરે છે. આ આર્ટવર્ક લદ્દાખના કારીગરોની કુશળતાને ઉજાગર કરે છે. આ દર્શાવે છે કે લદ્દાખના કલાકારો તેમની કળાની સમૃદ્ધ પરંપરાને કેટલી ઊંડી કદર કરે છે.

## ન્યૂઝ બ્રિફ

### રાહુલ ગાંધી પાસેથી છીનવાઈ શકે છે વિપક્ષના નેતાનું પદ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ । ભાજપે શુક્રવારે દાવો કર્યો હતો કે ભારત ગઠબંધન 'વિપક્ષ નેતા'ના પદ માટે રાહુલ ગાંધીની જગ્યાએ બીજા કોઈ નેતા સાથે વિચારણા કરી રહ્યું છે. જો ઈન્ડિયા બ્લોકને લાગે છે કે રાહુલ ગાંધી સારૂ પ્રદર્શન નથી કરી રહ્યા તો તેમણે આ ફેરફાર કરવો જોઈએ. આ દાવો નવી દિલ્હી લોકસભા બેઠકના ભાજપ સાંસદ બાંસુરી સ્વરાજે કર્યો છે. તેમના જણાવ્યા અનુસાર, વિપક્ષી પાર્ટીઓમાં ઘણા એવા સક્ષમ નેતાઓ છે જે વિપક્ષના નેતાની ભૂમિકા ભજવી શકે છે.

### ટીમ ઈન્ડિયાનો ખેલાડી મોહમ્મદ સિરાજ પહેરશે ખાખી વરદી!

। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૧ । ભારતીય ટીમનો સ્ટાર ઝડપી બોલર મોહમ્મદ સિરાજે શુક્રવારે તેલંગાણા પોલીસમાં ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (ડીએસપી)નું પદ સંભાળી લીધું હતું. તેલંગાણા પોલીસે સિરાજને લઈને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી. પરંતુ પછી તેને ડીલીટ પણ નાખી હતી.

### ઘટનામાં અન્ય એક અગ્નિવીર પણ ઘાયલ

## નાશિકના મિલિટરી ટ્રેનિંગ કેમ્પમાં વિસ્ફોટ, બે અગ્નિવીર જવાનનાં મત્યું

**તોપ લોડ કરતી વખતે અચાનક શેલ ફાટી ગયો, જેના કારણે બંને અગ્નિવીરો ઘાયલ થયા હતા : હોસ્પિટલમાં સારવાર દરમિયાન બંનેના મોત થયા હતા**

। (એજન્સી) નાશિક, તા.૧૧ । નાશિકના આર્ટિલરી સેન્ટરમાં મોટો અકસ્માત થયો છે. અહીં ટ્રેનિંગ સેશન દરમિયાન વિસ્ફોટને કારણે બે અગ્નિવીરોના મોત થયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે અન્ય એક અગ્નિવીર પણ ઘાયલ છે અને તેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મળતી માહિતી અનુસાર નાસિક આર્ટિલરી સેન્ટરમાં નિયમિત તાલીમ સત્ર દરમિયાન સૈનિકો લાઈવ ફાયર પ્રેક્ટિસમાં વ્યસ્ત હતા ત્યારે આ દુર્ઘટના થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે તોપ લોડ કરતી વખતે અચાનક શેલ ફાટી ગયો, જેના કારણે બંને અગ્નિવીરો ઘાયલ થયા હતા જે બાદ તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન બંનેના મોત થયા હતા. નાસિકના દેવલાલી કેમ્પ સ્થિત આર્ટિલરી સેન્ટરમાં તાલીમ દરમિયાન બે અગ્નિવીરોના કરૂણ મોત થયા છે. દેવલાલી કેમ્પ સ્થિત આર્ટિલરી ફાયરિંગ રેન્જમાં 'IFG ઈન્ડિયન ફિલ્ડ ગન'થી ફાયરિંગ ચાલી રહ્યું હતું. અહેવાલો અનુસાર, જ્યારે શેલ વિસ્ફોટ થયો, ત્યારે તેના ટુકડા પીડિતોના શરીરમાં પ્રવેશ્યા અને બંને ગંભીર રીતે ઘાયલ થયા હતા. જે બાદ સારવાર દરમિયાન એમનું મોત નિપજ્યું હતું.

### રતન ટાટાના નિધન બાદ બેઠકમાં લેવાયો નિર્ણય

## ટાટા ટ્રસ્ટના ઉત્તરાધિકારી તરીકે નોએલ ટાટાની નિમણૂકનો નિર્ણય

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ । રતન ટાટાનું ૮૬ વર્ષની વયે નિધન થઈ ગયું હતું. જેના બાદ ટાટા ટ્રસ્ટના નવા ચેરમેન કોણ બનશે તેને લઈને આશંકાઓ પર પૂર્ણ વિરામ મૂકાઈ ગયો છે. ટાટા ટ્રસ્ટની બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર નોએલ ટાટા નવા ચેરમેન બનશે. ઉલ્લેખનીય છે કે રતન ટાટાના નિધન બાદ ટાટા ટ્રસ્ટના ઉત્તરાધિકારી તરીકે કોની નિમણૂક કરવી તે અંગે આજે મુંબઈમાં એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જ સર્વાનુમતે નોએલ ટાટાની નિમણૂકનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે રતન ટાટાનું નિધન ૯ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ થયું હતું. તેમના અંતિમ સંસ્કાર મુંબઈમાં જ કરાયા હતા. રતન ટાટાના નિધન બાદ મુંબઈમાં એક બેઠક યોજાઈ હતી, જેમાં સૌની સહમતિથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંતર્ગત નોએલને ટાટા ગ્રુપની બે સૌથી મહત્વપૂર્ણ ચેરિટેબલ સંસ્થાઓ સર રતન ટાટા ટ્રસ્ટ અને સર દોરાબજી ટાટા ટ્રસ્ટના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

## ગાઝા પટ્ટીમાં ઇઝરાયેલના હવાઇ હુમલામાં ૨૭ના મોત, અનેક ઘાયલ



। દેર અલ-બલાહ, તા.૧૧ । ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં એક બાળક અને સાત મહિલા સહિત ઓછામાં ઓછામાં ઓછા ૨૭ લોકોના મોત થયાં હતાં અને અનેક ઘાયલ થયા હતાં. પેલેસ્ટાઈનના અધિકારીઓએ જણાવ્યું હતું કે ગાઝામાં વિસ્થાપિત થયેલા લોકોને આશ્રય આપ વામાં આવે છે તે સ્કૂલ પર ઈઝરાયેલે હુમલો કર્યો હતો. બીજી તરફ ઈઝરાયેલી મિલિટરીએ જણાવ્યું હતું કે નાગરિકો વચ્ચે છુપાયેલા ત્રાસવાદીઓને ટાર્ગેટ કરાયાં હતાં. ઈઝરાયેલ હાલમાં લેબનોનમાં હિઝબુલ્લાહ સંગઠન સામે યુદ્ધ લડી રહી રહ્યું છે અને ઈરાન સાથે તંગદિલીમાં વધારો થયો છે, પરંતુ તેને ગાઝામાં પણ ત્રાસવાદીઓને ટાર્ગેટ કરવાનું ચાલુ રાખ્યું છે. મિલિટરીએ આ સપ્તાહની શરૂઆતમાં ઉત્તરી ગાઝામાં હમાસ વિરુદ્ધ મોટા પાયે હવાઈ અને જમીની ઓપરેશન શરૂ કર્યું હતું.બીજી એક ગતિવિધિમાં સંયુક્ત રાષ્ટ્રના એક અધિકારીએ જણાવ્યું હતું કે ઈઝરાયેલી દળોએ લેબનોનમાં યુએન શાંતિરક્ષક દળ ત્રણ સ્થળો પર ગોળીબાર કર્યો હતો, જેમાં બે શાંતિરક્ષકો ઘાયલ થયાં હતાં. આ અધિકારીને નામ જાહેર ન કરવાની શરતે આ માહિતી આપી હતી. ગાઝામાં ઈઝરાયેલી હુમલામાં માર્યા ગયેલા લોકોના મૃતદેહો અલ-અક્સા મેમોરિયલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતાં. આ હોસ્પિટલે જણાવ્યું હતું કે દેર અલ-બાલાહમાં હુમલમાં એક બાળક અને સાત મહિલાઓ સહિત ૨૭ લોકોના મોત થયા હતા. કેટલાંક બીજા લોકો ઘાયલ થયા થયાં હતાં. ઈઝરાયેલી મિલિટરીએ જણાવ્યું હતું કે તેને આ સ્કૂલમાં રહેલા મિલિટન્ટ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરને ટાર્ગેટ કરીને હુમલો કર્યો હતો.




CMYK

# ગુજરાતીઓ ફાફડા-જલેબી ખાઈ દશેરાની ઉજવણી કરશે

## દશેરના તહેવારને લઈને ફાફડા ૭૦૦ રૂપિયા જ્યારે જલેબી ૮૦૦ રૂપિયે કિલો બજારમાં વેચાઈ રહી છે

| (એજન્સી) અમદાવાદ, તા.૧૧ |

વિજયાદશમીના પર્વને આડે ગણતરીના કલાકો બાકી છે, ગુજરાતીઓ ફાફડા જલેબી ખાઈ દશેરા તહેવારની ઉજવણી કરે છે. ત્યારે તહેવારો માણવાના શોખીન અમદાવાદીઓ દશેરાની ઉજવણી માટે તડામાર તૈયારી કરતા જોવા મળી રહ્યા છે.

વેપારીઓ ફાફડા જલેબી બનાવવાના લાગ્યા છે. પરંતુ આ વખતે દશેરામાં મીઠાશ આપતા ફાફડા જલેબીના ભાવ આમ જનતાને દઝાડી શકે છે. કારણકે દર વર્ષની જેમ આ વર્ષે પણ તેના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

ફાફડા જલેબીમાં ૫૦ રૂપિયા જેટલો ભાવ વધારો જોવા મળ્યો છે. ફાફડા ૭૦૦ રૂપિયા જ્યારે જલેબી ૮૦૦ રૂપિયે કિલો મળી રહી છે. દશેરામાં મિઠાઈની ખરીદીમાં લાંબી લાઈનથી બચવા એક દિવસ પહેલા પણ લોકો ફાફડા જલેબીની ખરીદી કરી લેતા હોય છે. નવરાત્રી પર્વની





ઉજવણીમાં ભાવ વધારા વચ્ચે પણ લોકો ફાફડા જલેબી ખાવા તૈયાર હોય છે. જોકે આ ખરીદી પર વરસાદની અસર પડવાની વેપારીઓને ભીતિ સતાવી રહી છે. જેથી આ વખતે વરસાદને ધ્યાને રાખી વેપારીઓ તૈયારી કરી રહ્યા હતા. દશેરાના દિવસે સવારથી જ લોકોની લાઈનો ફાફડા જલેબીની ખરીદી કરવા માટે જોવા મળતી હોય છે. ઘણા લોકો નવરાત્રિની રાત્રે પણ ફાફડા જલેબીનો સ્વાદ માણ્યો હતો. આમ દશેરાના તહેવારમાં ગુજરાતમાં કરોડો રૂપિયાના ફાફડા-જલેબી ખવાઈ જતા હોય છે. આ વખતે તેલના ભાવમાં વધારો અને બીજી ખાદ્ય સામગ્રીમાં વધારાના કારણે ફાફડા જલેબીના ભાવમાં વધારો જોવા મળી શકે છે.

### મહેસાણામાં પ્રેમલગ્ન કરનાર યુવાનને નવરાત્રિના ચોકમાં જ માર મરાયો

| (એજન્સી) મહેસાણ, તા.૧૧ |

મહેસાણામાં પ્રેમ લગ્ન કરનાર યુવાનને માર મારવામાં આવ્યો. કડીના રોહિત વાસમાં યુવાન ગરબા રમતો હતો ત્યારે ૫ ઈસમો દ્વારા માર મરાયો. યુવતીના પરિવારની મંજૂરી વગર પ્રેમલગ્ન કર્યા હોવાથી યુવાનની પીટાઈ થઈ. સાસરીપક્ષના સભ્યોએ યુવાનને માર મારતા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધવામાં આવી. ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ કડીના રોહિત વાસમાં એક નવરાત્રિ પર્વની ગરબા રમી ઉજવણી કરી રહ્યા હતો. ત્યારે અજાણ્યા ૫ શખ્સો આવી તેને નવરાત્રિ ચોકમાં જ માર મારવા લાગ્યા. ૫ શખ્સ જેટલા લોકોએ માર મારતા યુવાન ઘાયલ થયો. પીડિત યુવાનને માર મરાયાની ઘટનાને લઈને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. ફરિયાદમાં સામે આવ્યું કે યુવાને પ્રેમલગ્ન કર્યા હતા. જો કે આ પ્રેમલગ્નમાં યુવતીના પરિવારની મંજૂરી નહોતી. યુવક અને યુવતીએ પરિવારની મરજી વિરુદ્ધ લગ્ન કર્યા હતા. આથી યુવતીનો પરિવાર આ લગ્નની વિરુદ્ધ હોવાથી નવરાત્રિમાં જ્યારે યુવક ગરબા રમતો હતો.

### સુરેન્દ્રનગરમાં માતાજીના ધાર્મિક પ્રસંગમાં 30 થી વધુ લોકોની તબિયત બગડી

| (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૧ |

સુરેન્દ્રનગરના દેદાદરામાં ૩૦થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગ થવાની ઘટના સામે આવી છે. માતાજીના ધાર્મિક પ્રસંગમાં પ્રસાદનું સેવન કર્યાં બાદ એકાએક લોકોની તબિયત લથડવા લાગી હતી. ઘણાં લોકોની ઝાડા-ઊલટી સાથે તબિયત લથડી હતી. હાલત ગંભીર થતાં જ લોકોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. સુરેન્દ્રનગરના દેદાદરામાં લોકોએ પ્રસાદ આરોગ્યા બાદ ૩૦ થી વધુ લોકોની ઝાડા-ઊલટી સાથે એકાએક તબિયત લથડવા લાગી હતી. ત્યારબાદ તેમને તાત્કાલિક ધોરણે સુરેન્દ્રનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તમામને ફૂડ પોઈઝનિંગ થયું હોવાની જાણ થઈ. જોકે, એકાએક આટલી મોટી સંખ્યામાં દર્દીઓનો ઘસારો થતાં, તંત્ર યોગ્ય સારવાર આપવામાં નિષ્ફળ રહી હતી. તંત્રની બેદરકારી અને પરિવારજનોની ચિંતા વધી ગઈ હતી.

## દશેરાના દિવસે બોક્સ પેકિંગ ફાફડા-જલેબીનો વધતો ટ્રેન્ડ

| (એજન્સી) સુરત, તા.૧૧ |

સુરત શહેરમાં છેલ્લા બે ત્રણ વર્ષથી દશેરા પહેલા વરસાદી માહોલ જોવા મળે છે અને કેટલીક વખત વરસાદ પણ વરસી રહ્યો છે. આ વખતે પણ ગઈકાલે સુરતમાં ચોમાસુ જામ્યો હોય તેવો વરસાદ વરસ્યો હતો. દશેરા પહેલા વરસાદી હોવાથી સુરતમાં હવે લાઈવ ફાફડાના બદલે પેકિંગમાં ફાફડાનો ટ્રેન્ડ શરૂ થયો છે. જેના કારણે હવે કેટલીક જગ્યાએ પ્લાસ્ટિક કે પૂંઠાના કન્ટેનર તો કેટલીક જગ્યાએ પ્લાસ્ટિક બેગમાં પેકિંગ કરેલા ફાફડાનું વેચાણ થઈ રહ્યું છે. ખાણી પીણીના શોખીન સુરતીઓ માટે દશેરાનો તહેવાર એટલે મન મુકીને ફાફડા જલેબી સાથે અન્ય ફરસાણ ટેસ્ટથી ઝાપટવાનો તહેવાર છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ કરોડો રૂપિયાના ફાફડા અને જલેબી સુરતીઓ ઝાપટી જશે. જોકે, હવે તહેવારની ઉજવણી કરવા માટે સુરતીઓ પાસે સમયનો અભાવ જોવા મળે છે ઉપરાંત હાલ દશેરાની આસપાસ વરસાદ વરસી રહ્યો છે તેના કારણે દશેરામાં ખવાતા ફાફડા અને જલેબીનું પેકીંગમાં વેચાણ શરું થયું છે. પ્લાસ્ટિક કન્ટેનરમાં ફાફડા પેકીંગ કરીને વેચતા શૈલેશ પટેલ કહે છે, છેલ્લા ઘણા વર્ષોથી નવરાત્રીમાં વરસાદ સાથે ભેજવાળું વાતાવરણ હોય છે. તેથી ફાફડા ખુલ્લા હોય અને પેક કરી આપવામાં આવે તો ઘણી વાર ફાફડા હવાઈ જવાની ફરિયાદ વધતી હતી. તેથી પ્લાસ્ટિક કન્ટેનરમાં ફાફડા પેકીંગ કરીને ગ્રાહકોને આપવાથી ગ્રાહકો સાથે વેપારીઓનો પણ સમય બચે છે અને ફાફડા તુટવાનો ભય રહેતો નથી. હવે લોકો પણ સામેથી પેકિંગવાળા ફાફડાની ડિમાન્ડ કરી રહ્યાં છે. તો બીજી તરફ કોઝવે નજીક ફાફડા-જલેબીનું વેચાણ કરતા મહેશ પટેલ કહે છે, અમારે ત્યાં નાયલોન ફાફડાનું વેચાણ થાય છે આ ફાફડા તરત તુટી જાય તેવા ફરસા હોય છે તેથી અમે ફાફડા પેકીંગ માટે બોક્સ બનાવ્યા છે અને તેમાં જ ફાફડા પેકીંગ કરીને આપીએ છીએ. આવી રીતે બોક્સમાં પેકીંગ કરવામાં આવતા હોવાથી ઉતાવળે ફાફડા પેકીંગની ઝંઝટ મટી જાય છે અને ગ્રાહકોને ફાફડા ટુકડા થઈ જતા નથી. સુરતમાં દશેરાની આસપાસ વરસાદ પડતો હોવાથી છેલ્લા બે ત્રણ વર્ષથી પ્લાસ્ટિક કન્ટેનર કે બોક્સમાં પેકિંગમાં ફાફડા વેચાણનો ટ્રેન્ડ શરૂ થયો છે. જોકે, હજુ પણ કેટલાક લોકો લાઈવ ફાફડાનો આગ્રહ રાખે છે તેના કારણે દશેરાના દિવસે ફાફડા અને જલેબીનું વેચાણ કરતી દુકાનો પર લોકોની લાઈન જોવા મળે છે. જેના કારણે કેટલાક વેપારીઓ પેકિંગમાં ફાફડા સાથે લાઈવ ફાફડા પણ બનાવી વેચાણ કરે છે. જોકે, મોટા ભાગના લોકોને લાઈનમાં ઉભા રહેવું પસંદ ન હોવાથી લાઈવ ફાફડાના બદલે પેકિંગવાળા ફાફડા લઈ જાય છે. તો વળી કેટલાક લોકો એક દશેરાની આગલી રાત્રે જ ફાફડા અને જલેબીની ખરીદી કરે છે અને બીજા દિવસે તેની જયાફત માણી રહ્યાં છે. સુરતમાં આ વર્ષે દશેરામાં ફાફડા પ્લાસ્ટિક કન્ટેનરમાં પેક કરીને વેચાણ ટ્રેન્ડ શરૂ થતાં પ્લાસ્ટિકના કન્ટેઈનરનું વેચાણ કરનારાઓને પણ તડાકો થયો છે.

## મહેસાણામાં પત્નીનું અપહરણ કરનારો પતિ ૨૭ વર્ષે ઝડપાયો

### આ ૪૮ વર્ષીય વ્યક્તિ વિરુદ્ધ આઈપીસીની કલમ 363 અને 364 હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો

| (એજન્સી) મહેસાણા, તા.૧૧ |

અંદાજે ૩૦ વર્ષ પહેલાના કેસમાં પોલીસે એક શખ્સની ધરપકડ કરી છે. જેમાં એક વ્યક્તિએ તેની પત્નીનું અપહરણ કર્યું હતું. પોલીસે અપહરણના આ કેસમાં ૪૮ વર્ષીય દાદાની પોલીસે ધરપકડ કરી હતી. જોકે તેઓ સુખી જીવન જીવતા હતા. આ મામલો તે સમયનો છે જ્યારે પત્નીના પરિવારે ફરિયાદ નોંધાવી હતી. ધરપકડના થોડા દિવસો બાદ કોર્ટે તેમને છોડી દીધા હતા.રાજસ્થાનમાં એક વ્યક્તિએ ૨૭ વર્ષ પહેલાં ભાગી જઈને ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કર્યા હતા. હવે તેની પત્નીનું અપહરણ કરવા બદલ તેની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના ગુજરાતના મહેસાણાની છે. આ ૪૮ વર્ષીય વ્યક્તિ વિરુદ્ધ આઈપીસીની કલમ ૩૬૩ અને ૩૬૪ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

આ સ્ટોરી ૧૯૯૭ની છે. જ્યારે અજમેરનો ૨૧ વર્ષનો યુવક તેની ગર્લફ્રેન્ડ સાથે ભાગી ગયો હતો. તેની પ્રેમિકાના પરિવારે તેની સામે અપહરણનો કેસ દાખલ કર્યો હતો. આ દંપતી ગુજરાતના એક ગામમાં રહેતું હતુ અને તેમને આ બાબતની કોઈ જાણકારી નહોતી. તેમને ચાર દીકરીઓ અને બે પૌત્રો છે.તાજેતરમાં મહેસાણા પોલીસને બાતમી મળી હતી કે તે વિસ્તારમાં એક ઓટોરિક્ષા ચાલક રહે છે, જે અપહરણના જૂના કેસમાં ફરાર છે. જ્યારે પોલીસે તેના ઘરે દરોડો પાડ્યો ત્યારે તેમને જાણવા મળ્યું કે તેના પર જે મહિલાના અપહરણનો આરોપ હતો તે તેની પત્ની છે. મહેસાણા પોલીસને આ શખ્સની ધરપકડ કરવાની હતી. જો કે, તેમની પત્નીએ કહ્યું કે તેઓ સુખી લગ્નજીવન જીવી રહ્યા છે. તેણે તેની ચાર પુત્રીઓ અને બે પૌત્રોને પુરાવા રજૂ કર્યા અને કહ્યું કે હવે તેના પરિવાર સાથે કોઈ દુશ્મની નથી.કોર્ટે ઓટોરિક્ષા ચાલકને જામીન આપ્યા હતા. મહિલાના પિતાનું થોડા વર્ષો પહેલા અવસાન થયું હતું અને તેના ભાઈને યાદ પણ નહોતું કે તેમણે કેસ કર્યો હતો.

### પોલીસે ફરિયાદ નોંધી CCTV ફૂટેજ મેળવી તપાસ આદરી

## શાહીબાગમાં વૃદ્ધ બહારગામ ગયા અને રૂપિયા ૨૭.૯૦ લાખની મતા ચોરાઈ

| (એજન્સી) અમદાવાદ, તા.૧૧ |

શહેરના શાહીબાગ વિસ્તારમાં રહેતા વૃદ્ધ દંપતી બહારગામ ગયા હતા ત્યારે તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરો તિજોરીમાં લગાવેલું લોકર તોડી રૂ. ૨૭.૯૦ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડ લઈ પલાયન થઈ ગયા હતા. આ મામલે વૃદ્ધે શાહીબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ આદરી છે. શહેરના શાહીબાગ વિસ્તારમાં ૭૦ વર્ષિય ભંવરલાલ રંજનકુમાર દોશી પત્ની સાથે રહે છે અને નિવૃત જીવન ગુજારે છે. તેમના સંતાનો ગુજરાતથી બહાર રહે છે. ભંવરલાલ ઉપરોક્ત જગ્યાએ છેલ્લા ૩૫ વર્ષથી રહે છે અને કેમિકલનો વેપાર કરે છે. તેમણે બચતમાંથી જુદા જુદા લાખો રૂપિયાના દાગીના ખરીદ્યા હતા. તે દાગીના બેડરૂમમાં દીવાલ સાથે લાગેલી તિજોરીના લોકરમાં મૂક્યા હતા. ૨૮ સપ્ટે. ૨૦૨૪ના રોજ રાત્રે ૧૧ વાગ્યે ભંવરલાલ પત્ની સાથે ફ્લાઈટ મારફતે દીકરીના ઘરે દિલ્હી ગયા હતા અને ત્યાં એક દિવસ રોકાયા બાદ ભંવરલાલ પત્નીને દીકરીના ઘરે મૂકી પોતાના વતન આબુ રોડ આવ્યા હતા. તેઓ મંડાર ગામમાં જૈન સંઘ નામના મંદિરમાં ટ્રસ્ટી હોવાને કારણે મંદિરના કામકાજથી ત્યાં રોકાયા હતા.

## હેલિકોપ્ટર દુર્ઘટનાના એક મહિના બાદ ગુમ થયેલા પાયલટનો મળ્યો મૃતદેહ

### પાયલટનો મૃતદેહ એક મહિના કરતાં વધુ સમય બાદ ગુજરાતના દરિયાકાંઠે અરબી સમુદ્રમાંથી મળી આવ્યો

| (એજન્સી) પોરબંદર, તા.૧૧ |

ગયા મહિને ભારતીય કોસ્ટ ગાર્ડનું એક હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ ક્રેશ થયેલા હેલિકોપ્ટરના ગુમ થયેલા પાયલટનો મૃતદેહ એક મહિના કરતાં વધુ સમય બાદ ગુજરાતના દરિયાકાંઠે અરબી સમુદ્રમાંથી મળી આવ્યો છે તેમ અધિકારીઓએ આજે શુક્રવારે જાણકારી આપી છે. ૨ સપ્ટેમ્બરના રોજ ગુજરાતના પોરબંદર નજીક અરબી સમુદ્રમાં ALH MK-III હેલિકોપ્ટર ક્રેશ થયા બાદ ક્રૂના ત્રણ સભ્યો ગુમ થઈ ગયા હતા. જોકે, પાછળથી બે ક્રૂ મેમ્બરના મૃતદેહ મળી આવ્યા હતા, પરંતુ આ મિશનના પાયલટ રાકેશ કુમાર રાણાની શોધ ચાલી રહી હતી. કોસ્ટ ગાર્ડે જણાવ્યું હતું કે, રાણાનો મૃતદેહ ૧૦ ઓક્ટોબરે પોરબંદરથી દક્ષિણ-પશ્ચિમમાં લગભગ ૫૫ કિલોમીટર દૂર દરિયામાં મળી આવ્યો હતો. કોસ્ટ ગાર્ડના જણાવ્યા અનુસાર, 'કોસ્ટ ગાર્ડે ભારતીય નૌસેના અને અન્ય હિતધારકો સાથે મિશનના પાઈલટ-ઈન-કમાન્ડ રાકેશ કુમાર રાણાને શોધવાના પ્રયાસો ચાલુ રાખ્યા હતા. સેવા પરંપરાઓ અને સન્માનો અનુસાર જ તેમના પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. ભારતીય કોસ્ટ ગાર્ડના ત્રણ બહાદુર જવાનોને સલામ, જેમણે પોતાની ફરજ બજાવતા પોતાના પ્રાણની આહુતિ આપી.' મળતી માહિતી મુજબ, ભારતીય કોસ્ટ ગાર્ડનું એક એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર ૨ સપ્ટેમ્બરની રાત્રે મોટર ટેક્રર 'હરિ લીલા' પર સવાર ઘાયલ ક્રૂ મેમ્બરને બહાર કાઢવાનો પ્રયાસ કરતી વખતે અરબી સમુદ્રમાં હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. બોર્ડમાં ચાર ક્રૂ મેમ્બર હતા.

હેલિકોપ્ટરમાં સવાર ચાર ક્રૂ સભ્યોમાંથી ગૌતમ કુમારને તાત્કાલિક બચાવી લેવામાં આવ્યો હતો, જ્યારે ત્રણ ગુમ થઈ ગયા હતા. એક દિવસ પછી, પાઈલટ વિપિન બાબુ અને કરણ સિંહના મૃતદેહ મળી આવ્યા હતા, પરંતુ રાણા મળી શક્યા ન હતા.

### રિપોર્ટમાં આરોપીનું મોત હાર્ટ એટેકથી થયું હોવાનું સામે આવ્યું


## માંગરોળ સામૂહિક દુષ્કર્મ કેસના એક આરોપીના મોતનું કારણ આવ્યું બહાર

| (એજન્સી) સુરત, તા.૧૧ |

સુરતના માંગરોળમાં સગીરા પર સામૂહિક દુષ્કર્મ આચરનારા ત્રણેય નરાધમો ઝડપાઈ ગયા છે. જેમાંથી આરોપી શિવ શંકર ઉર્ફે દયાશંકર ચૌરસિયાનું સુરત શહેરની નવી સિવિલ હોસ્પિટલમાં મોત થયું હતું. જ્યાર બાદ કસ્ટોડિયલ ડેથના મુદ્દે ભારે વિવાદ થયો હતો. જ્યાર બાદ આરોપીનું પોસ્ટ મોર્મ કરવામાં આવતા મોતનું સાચુ કારણ બહાર આવ્યું છે. ૧૦મી ઓક્ટોબરે માંગરોળ સામૂહિક દુષ્કર્મ કેસના આરોપી મુન્ના કરબલી પાસવાન અને શિવ શંકર ચૌરસિયાને ફોરેન્સીક મેડિકલ ચેક અપ માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. આરોપી શિવ શંકરને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી, તેથી તેને તાત્કાલિક નવી સિવિલમાં વેન્ટિલેટર પર સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ થોડી સારવાર મલ્યા બાદ તેનું મોત થયું હતું. ત્યારે સિવિલ હોસ્પિટલનાં પીએમ વિભાગમાં આરોપીના મૃતદેહનું પેનલ પીએમ કરવામાં આવ્યું હતું. જેના પ્રાથમિક રિપોર્ટમાં આરોપીનું મોત હાર્ટ એટેકથી થયું હોવાનું સામે આવ્યું છે. મૃતક આરોપીના હૃદયમાં બે બ્લોકેજ હોવાનો પ્રાથમિક રિપોર્ટમાં ખુલાસો થયો છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવો રિવરફ્રન્ટ દેશ - વિદેશના પ્રવાસીઓનું આકર્ષણ કેન્દ્ર

# આઇકોનિક અટલ બ્રિજ, જોય રાઇડ, રિવર ક્રુઝ, ચિલ્ડ્રન પાર્ક, સ્પોર્ટ્સ પાર્ક, બાયોડાઇવર્સિટી પાર્ક, ઇવેન્ટ સેન્ટર સાબરમતી રિવરફ્રન્ટની આગવી શોભા


**આલેખન – ગોપાલ મહેતા**

| (માહિતી) અમદાવાદ |

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા અને ગુજરાતમાં વિકાસની રાજનીતિનો એક નવો અધ્યાય શરૂ થયો હતો. છેલ્લા અઢી દાયકામાં વિઝનરી લીડર તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત અને દેશની રાજનીતિને બદલી છે અને તેઓના સુશાસન થકી ગુજરાત અને ભારતને વિશ્વવ્યાપી ઓળખ મળી છે. ૭મી ઓક્ટોબરે શ્રી નરેન્દ્રભાઈએ સત્તાના સુકાન સંભાળ્યાને ૨૩ વર્ષ પૂર્ણ થયાં. તે ઉપલક્ષ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ૭થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતમાં અભૂત પૂર્વ અને અકલ્પનીય પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. સમગ્ર વિશ્વ જેને ડ્રીમ પ્રોજેક્ટ ઓફ પીએમ તરીકે બિરદાવે છે, એવો પ્રોજેક્ટ એટલે અમદાવાદની ધરતી પર આકાર પામેલો સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ.

આજે માત્ર અમદાવાદ જ નહિ, સમગ્ર રાજ્યની શાન બની ગયેલા આ પ્રોજેક્ટે સાબરમતી નદીને પણ પુનઃ જીવિત કરી તેમ કહીએ તો ખોટું નથી. વીસ-પચીસ વર્ષ પહેલાં જો તમે અમદાવાદની સાબરમતી નદી જોઈ હોય તો તમને તરત જ આ વાત સમજાઈ જશે. એક સમયે ગટરની ગંદકી, ઝૂંપડપટ્ટી, કચરાના ઢગલાથી ઘેરાઈ ગયેલી સાબરમતી નદીમાં આ પ્રકારનો પ્રોજેક્ટ સાકાર કરવો સાચે જ ડ્રીમ સમાન જ હતું. એટલું જ નહીં, આ પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૧૨ સુધીમાં રૂ. ૪૫૫ કરોડના ખર્ચે નદીમાં વસવાટ કરતા ૧૦ હજારથી વધુ પરિવારોને સ્થળાંતરિત કરીને તેઓના પુનઃ વર્સન માટે રેસિડેન્શનલ કોલોની ત્યાર કરવામાં આવી છે, જેના કારણે આ પરિવારોની આર્થિક તેમજ સામાજિક સ્થિતિમાં સુધારો થયો છે. અનેક પ્રકારની મુશ્કેલીઓ, અવરોધો અને વિરોધ વચ્ચે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વશક્તિએ આ પ્રોજેક્ટને સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ હેઠળ જ વર્ષ ૨૦૦૫થી ૨૦૧૨ દરમિયાન આ યોજના ખરેખરી કાર્યાન્વિત થઈ અને દેશનો સર્વપ્રથમ એવો રિવરફ્રન્ટ - સાબરમતી રિવરફ્રન્ટ તૈયાર થયો. દેશ-વિદેશમાં આકર્ષણનું કેન્દ્ર બનેલા રિવરફ્રન્ટની દર મહિને લાખો લોકો મુલાકાત લઈ રહ્યા છે. આજે સાબરમતી રિવરફ્રન્ટ રાજ્યના આઈકોનિક સ્થળ તરીકે ઊભરી આવ્યો છે. રિવરફ્રન્ટ બનતાં તેના પર એક પછી એક નવાં નવાં આકર્ષણો ઉમેરાયાં છે. રિવરફ્રન્ટ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનું હબ બનતું જાય છે. સાબરમતી રિવરફ્રન્ટ પર આઈકોનિક અટલ બ્રિજ દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષી રહ્યો છે તો જૉય ઓફ રાઈડની હેલિકોપ્ટર સર્વિસ અને રિવર ક્રુઝે લોકોને ઘેલું લગાડ્યું છે. રિવરફ્રન્ટમાં એક તરફ સુંદર બાગ-બગીચા નિર્માણ પામ્યા છે તો બીજી તરફ સ્પોર્ટ્સ સંકુલ પણ વિકસ્યાં છે. રિવરફ્રન્ટ પર યોજાતો ફ્લાવર શૉ હોય, ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ, ડ્રોન શૉ, મેરેથોન દોડ હોય કે સાઈકલિંગ રિવરફ્રન્ટ અબાલ-વૃદ્ધ સૌ માટે એક જાણીતું-માનીતું સ્થળ બની ચૂક્યું છે. લોકો પરિવાર સાથે સમય પસાર કરી શકે, એવા સ્થળ તરીકે શરૂ થયેલો આ પ્રોજેક્ટથી શહેરીજનોની સુખાકારીમાં વૃદ્ધિ થઈ. રિવરફ્રન્ટ ફેઝ - ૧ અંતર્ગત ઈવેન્ટ સેન્ટર, ધોબી ઘાટ, ગુજરી બજાર, અંડરપાસ, ટ્રાફિકમુક્ત રસ્તાઓ તેમજ વિવિધ બાગ બગીચાના કાર્યો, બાયો ડાયવર્સિટી પાર્ક તેમજ મોટા પાયે વૃક્ષારોપણનાં કાર્યો પૂર્ણ કરાયાં છે. ઈવેન્ટ સેન્ટર, મલ્ટી લેવલ કાર પાર્કિંગ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ વગેરે ફેસિલિટી પણ શરૂ કરાઈ છે.

સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ફેઝ - ૨ અંતર્ગત નદીની બન્ને બાજુ ડફનાળાથી ઈન્દિરાબ્રીજ સુધીના એવરેજ ૫.૫૦ કિ.મી.ની નદીની લંબાઈમાં (બન્ને બાજુ ઉપર કુલ ૧૧ કિ.મી.) ડેવલપ કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલું છે. અહીં મહત્તમ વૃક્ષો ઉગાડી ગ્રીન ડેવલપમેન્ટ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ફેઝ-૨ બનવાની સાથે આંતરરાષ્ટ્રીય કક્ષાના મોટેરા સ્ટેડિયમ તેમજ સરદાર પટેલ સ્પોર્ટ્સ એક્લેવને પણ કનેક્ટિવિટી સાથે વિકસાવાશે. સાબરમતી નદી પર રિવરફ્રન્ટ ફેઝ-૨ની કામગીરી ચાલી રહી છે, એ અંતર્ગત સાબરમતી નદી પર પૂર્વ વિસ્તારમાં ગુજરાતનો સૌપ્રથમ રબર બેરેજ-કમ- બ્રિજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવશે, જે શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડશે. સાબરમતી નદી પર રૂ. ૩૬૭ કરોડના ખર્ચે કોરિયન કંપની એક કિમીનો રબર બેરેજ-કમ-બ્રિજ બનાવશે એને કારણે પશ્ચિમ વિસ્તારમાં સાબરમતી, ચાંદખેડા, મોટેરા થઈને સીધા એરપોર્ટ આવવા માટે સીધી કનેક્ટિવિટી મળશે. આ ગુજરાતનો સૌથી પહેલો એવો બ્રિજ બનશે, જેમાં નીચે પાણીના સપ્લાય માટે રબર બેરેજ બનાવવામાં આવશે, જેમાં ઓટોમેટિક કન્ટ્રોલ સિસ્ટમ હોવાથી નદીના વહેતા પૂરને અવરોધ પણ નહિ થાય. આ સાથે એર ફિલ્ડ રબર બેરેજ બનાવવામાં આવશે. કોરિયન કંપની દ્વારા વોટર શેડ ડેવલપમેન્ટ હેઠળ આકસ્મિક સંજોગોમાં રો-વોટર સંગ્રહ કરવા તેમજ રોડ નેટવર્ક સુદૃઢ કરવા માટે ૬ માર્ગીય બેરેજ-કમ-બ્રિજ બનશે. બ્રિજ બંને તરફ ૧૨૬ મીટરની લોખંડની કમાનો, ૪૨ મીટરના સ્પાન હશે. બાકીના સ્પાન ગડર પ્રકારના હશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ચૂંટણી પંચ ગોટાળા કરે છે, ઉદ્ધવ સેનાના ગંભીર આરોપ



। (એજન્સી) ચંદીગઢ, તા.૧૧ ।

હરિયાણામાં ચૂંટણીની હાર બાદ કોંગ્રેસ તો ઈવીએમ પર આરોપ લગાવી જ રહી છે પરંતુ હવે અન્ય વિપક્ષી પાર્ટીઓ પણ આને લઈને પ્રહારો કરી રહી છે. આ બાબતે શિવસેના ઉદ્ધવ જૂથના સાંસદ સંજય રાઉતે કહ્યું, 'હવે કોણ જોશે કે રાહુલ ગાંધીએ કયા પુરાવા રજૂ કર્યા? ચૂંટણી પંચ ગોટાળા કરે છે. જનતાએ વિચારવું જોઈએ કે મહારાષ્ટ્રમાં કોણે શું કર્યું અને કોણ શું કરવા માંગે છે.' સંજય રાઉત આ પહેલા પણ ઈવીએમ પર સવાલ ઉઠાવતા રહ્યા છે. કોંગ્રેસે ચૂંટણીમાં હાર માટે ઈવીએમને જવાબદાર ઠેરવ્યું છે અને આ માટે ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીની રચના કરવાની પણ જાહેરાત કરી છે. મહારાષ્ટ્રમાં નવેમ્બરમાં જ ચૂંટણી યોજાવાની છે. આવી સ્થિતિમાં સરકાર દ્વારા અનેક યોજનાઓની જાહેરાત કરવામાં આવી છે. જે બાબતે સંજય રાઉતે મહારાષ્ટ્ર સરકાર પર વોટ જેહાદનો આરોપ લગાવતા કહ્યું હતું કે લાડલી બહેન યોજના શરુ કરવામાં આવી, આ સિવાય મદરેસા શિક્ષકોના પગાર વધારવામાં આવ્યા. તો શું આ વોટ જેહાદ નથી? અનેક યોજનાઓ જાહેર કરવામાં આવી છે, પરંતુ શું કરવામાં આવે છે તે જનતા જાણે છે. જો આપણે પણ આ જ પગલું ભર્યું હોત તો વોટ જેહાદ આચરવામાં આવી હોવાનું કહેવાયું હોત. હવે તમે શું કહેશો?'

### વડાપ્રધાન મોદીએ મુગટ ભેટમાં આપ્યો હતો

# બાંગ્લાદેશના પ્રસિદ્ધ મંદિરમાંથી કાલીમાતાના મુગટની ચોરી થઈ



। (એજન્સી) ઢાકા, તા.૧૧ ।

બાંગ્લાદેશમાં આ વખતે દુર્ગા પૂજા સમયે હિન્દુ સમુદાય ખુબ ડરેલો છે. આકરી સુરક્ષા વચ્ચે મંદિરો અને પંડાલોમાં દુર્ગા પૂજાની ઉજવણી થઈ રહી છે. આ બધા વચ્ચે સતખીરા જિલ્લાના શ્યામનગરમાં આવેલા પ્રસિદ્ધ જશોરેશ્વરી મંદિરથી કાલી માતાનો મુગટ ચોરાયો છે. ધ ડેઈલી સ્ટારના રિપોર્ટ મુજબ આ મુગટ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માર્ચ ૨૦૨૧માં પોતાના બાંગ્લાદેશ પ્રવાસ દરમિયાન લીધેલી મંદિરની મુલાકાત સમયે ગિફ્ટ કર્યો હતો. ચોરીની આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ. ગુરુવારે બપોરે ૨ થી ૨.૩૦ વચ્ચે મંદિરમાંથી મુગટની ચોરી થઈ ગઈ. તે સમયે મંદિરના પૂજારી દિલીપ મુખર્જી દિવસની પૂજા બાદ જતા રહ્યા હતા. બાદમાં સફાઈ કર્મચારીઓએ જોયુ કે દેવીમાતાના માથેથી મુગટ ગાયબ હતો. શ્યામનગર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર તાઈજુલ ઈસ્લામે જણાવ્યું કે ચોરની ઓળખ માટે મંદિરના સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે. ચોરાઈ ગયેલો મુગટ ચાંદીનો છે અને તેના પર સોનાનો વરખ લગાડેલો છે. તે સાંસ્કૃતિક અને ધાર્મિક રીતે ખુબ મહત્વપૂર્ણ છે. હિન્દુ માન્યતા મુજબ જશોરેશ્વરી મંદિર ભારત અને પાડોશી દેશોમાં ફેલાયેલી ૫૧ શક્તિપીઠોમાંથી એક છે. જશોરેશ્વરી નામનો અર્થ જશોરના દેવી એમ થાય છે. પીએમ મોદી બાંગ્લાદેશ પ્રવાસ દરમિયાન ૨૭ માર્ચ ૨૦૨૧ના રોજ જશોરેશ્વરી મંદિર ગયા હતા. તે વખતે તેમણે માતાને મુગટ પહેરાવ્યો હતો. સવારે ૧૦ વાગે પીએમ મોદીએ મંદિરની પોતાની મુલાકાતનો એક વીડિયો પણ શેર કર્યો હતો. જે કોવિડ-૧૯ મહામારી બાદ પહેલો વિદેશ પ્રવાસ હતો. જશોરેશ્વરી મંદિર કાલીમાતાને સમર્પિત છે. આ મંદિર સતખીરાના ઈશ્વરપુર ગામમાં છે. એવું કહેવાય છે કે આ મંદિરનું નિર્માણ ૧૨મી સદીમાં અનારી નામના એક બ્રાહ્મણે કર્યું હતું. તેમણે જશોરેશ્વરી પીઠ (મંદિર) માટે ૧૦૦ દરવાજાવાળું મંદિર બનાવ્યું. ત્યારબાદ ૧૩મી સદીમાં લક્ષ્મણ સેને તેનું નવીનીકરણ કર્યું. રાજા પ્રતાપાદિત્યએ ૧૬મી સદીમાં આ પ્રસિદ્ધ મંદિરનું પુર્નનિર્માણ કરાવ્યું. હિન્દુ પૌરાણિક કથાઓ મુજબ ૫૧ પીઠોમાંથી ઈશ્વરપુરનું મંદિર એ સ્થાન છે જ્યાં દેવી સતીના પગની હથેળીઓ અને તાળવા પડ્યા હતા. અહીં દેવી જશોરેશ્વરીના સ્વરૂપમાં નિવાસ કરે છે. આ ઘટના પર ભારતે કડક વલણ અપનાવ્યું છે. ઢાકામાં ભારતીય ઉચ્ચાયોગે નિવેદન જારી કરતા તેના પર ચિંતા વ્યક્ત કરી. ઉચ્ચાયોગે મુગટને પાછો મેળવીને દોષિતો વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગણી કરી છે. બીજી બાજુ પોલીસનું પણ કહેવું છે કે અપરાધીની ઓળખ માટે સીસીટીવી ફૂટેજ ફંફોળવામાં આવી રહ્યા છે. જલદી ચોરને પકડી લેવાશે.

### હૈદરાબાદના નામપલ્લી પ્રદર્શની મેદાનમાં બબાલ

## દુર્ગા માતાના પંડાલમાં અસામાજિક તત્વો દ્વારા તોડફોડ કરવામાં આવી

**અજાણ્યા શખ્સોએ દેવી દુર્ગાની મૂર્તિને નુકસાન પહોંચાડ્યું છે : અસામાજિક તત્વો દ્વારા તોડફોડના આ મામલે પોલીસે તપાસ શરૂ કરી**



। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૧ ।

હૈદરાબાદથી મોટા સમાચાર સામે આવ્યા છે. હૈદરાબાદના નામપલ્લી પ્રદર્શની મેદાનમાં અજાણ્યા શખ્સોએ દેવી દુર્ગાની મૂર્તિને નુકસાન પહોંચાડ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસર બેગમ બજારમાં પોલીસ કર્મીઓની એક ટીમે ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું છે. પોલીસે કેસની તપાસ કરી કાર્યવાહી કરવાનો વિશ્વાસ અપાવ્યો છે. તો બીજી તરફ ઘટના બાદ લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. હૈદરાબાદના નામપલ્લીમાં કેટલાક લોકોએ દુર્ગા પંડાલમાં તોડફોડ કરી છે. આરોપીએ દુર્ગા દેવીનો હાથ પણ તોડી દીધો છે. ઘટનાની જાણકારી શુક્રવારે સવારે થઈ હતી. જ્યારે આયોજકો પૂજા કરવા પહોંચ્યા હતા. આયોજકોએ જણાવ્યું હતું કે ગુરૂવારે રાત સુધી પોલીસ ત્યાં હાજર હતી. ઘટના કેટલા વાગ્યાની છે, હજુ સુધી તેની જાણકારી સામે આવી નથી. જોકે પોલીસનું કહેવું છે કે કેટલાક અજાણ્યા શખ્સોએ દાનપેટીને એક તરફ મુકી દીધી હતી, જેથી દેવી દુર્ગાની મૂર્તિનો હાથ તૂટી ગયો હતો. દેવી શરણ નવરાત્રિ સમારોહના ભાગરૂપે એક્ઝિબિશન સોસાયટીના રહીશો અને કર્મચારીઓ દર વર્ષે દેવીની મૂર્તિ બનાવે છે. પહેલાં વિજળી કાપી નાખવામાં આવી, પછી સીસીટીવી તોડ્યા હતા. પોલીસ અને આયોજકોએ જણાવ્યું હતું કે આરોપીઓએ પંડાલમાં ઘૂસતાં પહેલાં ત્યાંની વિજળી કટ કરી નાખી હતી. ત્યારબાદ તેમણે ત્યાં લાગેલા સીસીટીવી કેમેરા પણ તોડી નાખ્યા. જેથી ઘટનાના સમયના કોઈપણ ફૂટેજ પણ સામે આવી શકે નહી. આરોપીઓએ બેરિકેડિંગ હટાવ્યા અને પૂજાનો સામન પણ ફેંકી દીધો. ઘટનાસ્થળનું નિરીક્ષણ કરનાર એસપી. એ.બી.ડી.એસ ચંદ્રશેખરે ફરિયાદ નોંધી અને બેગમ બજાર પોલીસ દ્વારા આગળની તપાસ કરવામાં આવી રહી છે. દેશભરમાં દુર્ગાષ્ટમીનો પર્વ ઉજવવામાં આવી રહ્યો છે. દિલ્હીથી માંડીને ગુજરાત સુધી દુર્ગા પંડાલો અને મંદિરોમાં દેવી માંની પૂજા કરવામાં આવી રહી છે. દેવી વિસર્જન અને દશેરો ૧૨ ઓક્ટોબરના રોજ કરવામાં આવશે. દેવી શક્તિપીઠોમાં નવરાત્રિની આઠમ અને નવમી પર દેવીની મહાપૂજા થાય છે. આ તિથિઓ નિમિત્તે ચંદીપાઠ અને હવન પણ યોજવામાં આવે છે. તંત્ર શક્તિપીઠો પર બલી ચઢાવવામાં આવે છે.

### ૧૪૭ વર્ષના ઈતિહાસમાં શરમજનક હાર

## ઈંગ્લેન્ડે પાકિસ્તાનને એક ઇનિંગ અને ૪૭ રને હરાવ્યું



। (એજન્સી) મુલતાન, તા.૧૧ ।

હાલમાં પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ટેસ્ટ સીરિઝની પહેલી મેચમાં ઈંગ્લેન્ડે પાકિસ્તાનને એક ઈનિંગ અને ૪૭ રને હરાવ્યું હતું. પાકિસ્તાનની આ સૌથી શરમજનક હાર છે. આ હારની સાથે જ ટેસ્ટ ક્રિકેટના ૧૪૭ વર્ષ જૂના ઈતિહાસમાં પ ાકિસ્તાનને સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો છે. આ માટે એક મહત્ત્વપૂર્ણ કારણ છે. હકીકતમાં, ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં અત્યાર સુધી આવું ક્યારેય બન્યું નથી કે કોઈ ટીમે પહેલી ઈનિંગમાં ૫૦૦થી વધુ રન કર્યા બાદ ઈનિંગ અને રનના તફાવતથી હારી હોય. પરંતુ મુલ્તાન ખાતેની ટેસ્ટમાં આ રેકોર્ડ તૂટી ગયો હતો. આ જ રીતે પાકિસ્તાનના નામ સાથે શરમજનક હારનો ઉમેરો થયો છે. પાકિસ્તાની ટીમે પહેલી ઈનિંગમાં ૫૫૬ રન બનાવ્યા હતા. પરંતુ બીજી ઈનિંગમાં ૨૨૦ રનના સ્કોર પર ટીમ પડી ભાંગી હતી. બીજી ઈનિંગમાં ઈંગ્લેન્ડના બોલરોનો સંપૂર્ણ દબદબો રહ્યો હતો. પાકિસ્તાનની ટીમે પહેલી ઈનિંગમાં ૫૫૬ રન કર્યા હતા.

### આ તમામ નિયમ રણજી ટ્રોફીથી લાગૂ થશે


## ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડનો ઘરેલૂ ક્રિકેટમાં અમુક નિયમોમાં ફેરફાર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતમાં નવી ઘરેલૂ સીઝન શુક્રવાર (૧૧ ઓક્ટોબર) એ રણજી ટ્રોફીના પહેલા રાઉન્ડની સાથે શરૂ થયો, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)નું કહેવું છે કે જો કોઈ બેટ્સમેન ઈજાગ્રસ્ત થયા વિના કોઈ કારણોસર રિટાયર થઈ જાય છે, તો તેણે તાત્કાલિક આઉટ માનવામાં આવશે. એટલે કે તે ખેલાડી ઈનિંગમાં બેટિંગ કરી શકશે નહીં, ભલે જ વિરોધી ટીમના કેપ્ટનને કોઈ પરેશાની ના હોય. આ વિશે ગુરુવારે સાંજે રાજ્ય ટીમોને બીસીસીઆઈ તરફથી પ્રેસ રિલીઝ મોકલવામાં આવી. જેમાં બદલેલા નિયમો વિશે વિગતવાર જાણકારી આપવામાં આવી. શું શું ફેરફાર થયો, આવો આપણે જાણીએ. ૧- ઈજા, બિમારી અથવા તો અપરિહાર્ય કારણ સિવાય કોઈ પણ કારણોસર રિટાયર થશે તો બેટ્સમેનને તાત્કાલિક આઉટ માનવામાં આવશે અને વિરોધી કેપ્ટનની સહમતિથી પણ તે બેટ્સમેનને પાછો બોલાવવાનો વિકલ્પ નહીં મળે. ૨- બોલિંગ દરમિયાન જો કોઈ ટીમે બોલ પર લાળ લગાવી છે, તો પેનલ્ટી લગાવ્યા સિવાય બોલને તાત્કાલિક બદલી નાંખવામાં આવશે. ૩- બીસીસીઆઈએ રન રોકવાના નિયમમાં પણ ફેરફાર કર્યો છે. નવા સંશોધિત નિયમ અનુસાર, જ્યારે બેટ્સમેન ક્રોસ કર્યા બાદ રન રોકવાનો નિર્ણય કરે છે અને ઓવરથ્રો થી બ્રાઉન્ડ્રી મળે છે, તો ફરીથી ક્રોસ કર્યા પહેલા માત્ર બાઉન્ડ્રી એટલે કે ૪ સ્કોર દરમિયાન મારવામાં આવશે. BCCIએ કહ્યું છે કે આ ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૪ દરમિયાન થયેલા કરારને અનુરૂપ છે. ૪- બીજો ફેરફાર સીકે નાયડુ સ્પર્ધામાંથી પોઈન્ટની ફાળવણી સાથે સંબંધિત છે. નવા નિયમોમાં બે સંજોગોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરિસ્થિતિ ૧: ટીમ એ પહેલા બેટિંગ કરતા પહેલી ઈનિંગમાં ૯૮ ઓવરોમાં ૩૯૮ રન પર ઓલ આઉટ થઈ જાય છે તો તેણે બેટ્સમેન અંક મળશે.

## જાપાની સંસ્થા નિહોન હિડાંક્યોએ ૨૦૨૪નો નોબેલ શાંતિ પુરસ્કાર જીત્યો




। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧ ।

જાપાની સંસ્થા નિહોન હિડાંક્યોએ ૨૦૨૪ નો નોબેલ શાંતિ પુરસ્કાર જીત્યો. આ સંસ્થા હિરોશિમા અને નાગાસાકી (જેને હિબાકુશા તરીકે પણ ઓળખવામાં આવે છે) પરના પરમાણુ હુમલામાં બચી ગયેલા લોકોની સંભાળ સુનિશ્ચિત કરે છે. આ જાપાની સંસ્થા એ વાતને ધ્યાનમાં રાખીને કામ કરી રહી છે કે પરમાણુ હથિયારોનો ફરી ક્યારેય ઉપયોગ ન થવો જોઈએ. નોર્વેજીયન નોબેલ સમિતિને આ વર્ષે શાંતિ પુરસ્કાર માટે કુલ ૨૮૬ ઉમેદવારોની અરજીઓ મળી હતી, જેમાંથી ૮૯ સંસ્થાઓ હતી. વર્ષ ૨૦૨૩માં ઈરાની પત્રકાર અને માનવાધિકાર કાર્યકર્તા નરગીસ મોહમ્મદીને નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. અમેરિકાના પોર્ટલેન્ડમાં જન્મેલા લિનસ પાઉલિંગ વિશ્વના એકમાત્ર એવા વ્યક્તિ છે જેમને બે નોબેલ પ્રાઈઝ મળ્યા છે.

## હવે ક્યારેય કોઈ પાર્ટી સાથે ગઠબંધન નહીં કરીએ : BSP

। (એજન્સી) લખનૌ, તા.૧૧ ।

બીએસપી સુપ્રીમો માયાવતીએ પાર્ટીના આગળના પ્લાનને લઈને સોશિયલ મીડિયા પર અમુક વાતો કહી છે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, 'ઉત્તર પ્રદેશ સહિત બીજા રાજ્યોની ચૂંટણીમાં પણ બીએસપીના વોટ ગઠબંધનની પાર્ટીને ટ્રાન્સફર થઈ જવા પરંતુ તેમનો વોટ બીએસપીને ટ્રાન્સફર કરાવવાની ક્ષમતા તેમાં ન હોવાના કારણે અપેક્ષિત ચૂંટણી પરિણામ ન મળવાથી પાર્ટી કેડરને નિરાશા અને તેનાથી થતાં આંદોલનની હાનિને બચાવવું જરૂરી છે.' તેમણે આગળ કહ્યું કે 'આને ધ્યાનમાં રાખતાં હરિયાણા વિધાનસભાના ચૂંટણી પરિણામ અને તે પહેલા પંજાબ ચૂંટણીના કડવા અનુભવને ધ્યાનમાં રાખતાં આજે હરિયાણા અને પંજાબની સમીક્ષા બેઠકમાં ક્ષેત્રીય પાર્ટીઓથી પણ હવે આગળ ગઠબંધન ન કરવાનો નિર્ણય, જ્યારે ભાજપ/એનડીએ અને કોંગ્રેસ/ઈન્ડિયા ગઠબંધનથી અંતર પહેલાની જેમ જ ચાલુ રહેશે.'

## ટ્રમ્પની વીજળી અંગેની જાહેરાત પર કેજરીવાલનું રિએક્શાન

### ટ્રમ્પની આ પોસ્ટને રીપોસ્ટ કરતાં અરવિંદ કેજરીવાલે કહ્યું કે, 'મફતની રેવડી હવે અમેરિકા પહોંચી છે'



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।


અમેરિકામાં પાંચ નવેમ્બર ૨૦૨૪ના રોજ પ્રમુખપદની ચૂંટણી યોજાશે. ડોનાલ્ડ ટ્રમ્પ અને કમલા હેરિસ પોતપોતાના ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. શુક્રવારે (૧૧મી ઓક્ટોબર) ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, 'જો હું અમેરિકન પ્રમુખ બનીશ તો વીજળીના ભાવમાં ઘટાડો કરવામાં આવશે અને વીજ ઉત્પાદનની ક્ષમતા બમણી કરી દેવામાં આવશે.' આ જાહેરાતનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર શેર કર્યો છે. ટ્રમ્પની આ પોસ્ટને રીપ ોસ્ટ કરતાં અરવિંદ કેજરીવાલે કહ્યું કે, 'મફતની રેવડી હવે અમેરિકા પહોંચી છે.' અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પ રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર છે. તેમની સામે ડેમોક્રેટ કમલા હેરિસ છે. શુક્રવારે ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, 'હું અમેરિકન પ્રમુખ બનીશ તો વીજળી ભાવ અડધો કરી દેવામાં આવશે અને વીજળી ઉત્પાદન ક્ષમતા પણ બમણી કરશે.' અરવિંદ કેજરીવાલે તેમની આ પોસ્ટ રીપોસ્ટ પોસ્ટ કરી છે. તેમણે 'ઠ' પર લખ્યું, 'ટ્રમ્પે વીજળીના ભાવ અડધા કરવાની જાહેરાત કરી છે, મફતની રેવડી હવે અમેરિકા પહોંચી છે.' ઉલ્લેખનીય છે કે, દિલ્હી સરકાર છેલ્લા ઘણાં સમયથી દિલ્હીના લોકોને મફતમાં વીજળી આપે છે. જો કે, આ માટે એક શરત છે. જો કોઈ પરિવાર એક મહિનામાં ૨૦૦ યુનિટ વીજળી વાપરે છે તો તેણે વીજળીનું બિલ ચૂકવવું પડશે નહીં, પરંતુ જો તે ૨૦૦ યુનિટથી વધુ વીજળી વાપરે છે તો તેણે આખું વીજ બિલ ચૂકવવું પડશે. ટ્રમ્પની જાહેરાતને તેમની સરકારની યોજના સાથે જોડવાનો પ્રયાસ કર્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના ૪૫માં પ્રમુખ રહી ચૂક્યા છે. તેઓ ૨૦૧૬થી ૨૦૨૦ સુધી અમેરિકાના પ્રમુખપદ પર રહ્યા હતા. જો કે, ૨૦૨૦માં યોજાયેલી પ્રમુખપદની ચૂંટણીમાં તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ તેઓ ફરી એકવાર રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી મેદાનમાં છે.



પશ્ચિમ બંગાળના સુકનામાં ત્રિશક્તિ કોર્પ્સના મુખ્યાલયમાંથી સિક્કિમના બર્દાંગ ખાતે પ્રેરણા સ્થળના વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન પ્રસંગે રક્ષામંત્રી રાજનાથ સિંહ દ્વારા ભારતીય સેનાના વરિષ્ઠ નેતૃત્વને વર્ચ્યુઅલ રીતે સંબોધિત કરવામાં આવ્યું.

## મહાદેવ એપના માલિકની દુબઈમાંથી ધરપકડ કરાઈ






। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

મહાદેવ બેટિંગ એપ કેસમાં ભારતની તપાસ એજન્સીઓને મોટી સફળતા મળી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બેટિંગ એપ ના માલિક સૌરભ ચંદ્રાકરની ઈન્ટરપોલ દ્વારા અટકાયત કરવામાં આવી છે, ત્યારબાદ તેને ભારત લાવવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની ટીમ મહાદેવ એપના માલિક સૌરભ ચંદ્રાકરને એક અઠવાડિયાની અંદર ભારત લાવી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઈન્ટરપોલે CBIને જાણ કરી છે, જે નોડલ એજન્સી છે. તમને જણાવી દઈએ કે EDએ રેડ કોર્નર નોટિસ જાહેર કરી હતી. તમને જણાવી દઈએ કે મહાદેવ એપના માસ્ટરમાઈન્ડ સૌરભ ચંદ્રાકરના D કંપની (દાઉદ ઈબ્રાહિમ) સાથે પણ કનેક્શન છે. દેશના ઘણા રાજ્યોમાં મહાદેવ એપ વિરુદ્ધ કેસ નોંધાયેલા છે. આ એપને લઈને EDમાં ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે આ પહેલા ડિસેમ્બર ૨૦૨૩માં સૌરભ ચંદ્રાકરને દુબઈમાં નજરકેદ કરવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકારે ૫ નવેમ્બર, ૨૦૨૩ના રોજ મહાદેવ બેટિંગ એપ સહિત ૨૨ ગેરકાયદેસર સટ્ટાબાજીની એપ અને વેબસાઈટને બ્લોક કરવાનો આદેશ આપ્યો હતો. EDની ભલામણોને પગલે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમ ૬૯છ હેઠળ આદેશ જાહેર કરવામાં આવ્યા હતા. મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજીની એપ કેસ ત્યારે ચર્ચામાં આવ્યો જ્યારે EDએ 'કેશ કુરિયર'નું ઈમેલ સ્ટેટમેન્ટ રેકોર્ડ કરવાનો દાવો કર્યો, જેમાં ખુલાસો થયો છે કે છત્તીસગઢના તત્કાલિન મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને UAE સ્થિત એપ પ્રમોટર્સ પાસેથી કથિત રીતે ૫૦૮ કરોડ રૂપિયા મળ્યા હતા. જોકે બઘેલે આરોપોને ફગાવી દીધા હતા. મહાદેવ બેટિંગ એપપ અને તેના પ્રમોટર્સ વિરુદ્ધ છેતરપિંડીને લઈને મુંબઈ પોલીસે ૮ નવેમ્બર ૨૦૨૩એ કેસ દાખલ કર્યો હતો. આરોપીઓ પર ચીટિંગ કરવાનો અને જુગાર રમાડવાનો આરોપ લાગ્યો હતો. આ મામલામાં માટુંગા પોલીસ સ્ટેશનમાં સૌરભ ચંદ્રાકર, રવિ ઉપ્પલ સહિત ૩૦થી વધુ લોકો પર કેસ દાખલ કર્યો હતો. ત્યારથી મુંબઈ ક્રાઈમ બાંચને આ કેસ સોંપવામાં આવ્યો અને બાદમાં તેની તપાસ માટે એક એસઆઈટી બનાવવામાં આવી.

## તંત્રી લેખ...

# પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં કોલસાની ખાણ પર હુમલો


બંદૂકધારીઓએ પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં કોલસાની ખાણ પર હુમલો કર્યો, જેમાં ૨૦ લોકો માર્યા ગયા અને સાત અન્ય ઘાયલ થયા. આ હુમલો ગુરુવારે (૧૦ ઓક્ટોબર) મોડી રાત્રે ડુકી જિલ્લામાં થયો હતો, જ્યાં બંદૂકધારીઓએ ખાણની નજીક રહેતા લોકોના ઘરોને ઘેરી લીધા હતા અને અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો. પોલીસ અધિકારી હુમાયુ ખાન નાસિરે જણાવ્યું હતું કે મોટાભાગના માર્યા ગયેલા અને ઘાયલ થયેલા લોકો બલૂચિસ્તાનના પશ્તુન-ભાષી વિસ્તારના હતા અને મૃતકોમાં ત્રણ અફઘાન નાગરિકો પણ હતા. પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં આ હુમલો એવા સમયે થયો છે જ્યારે આગામી થોડા દિવસોમાં રાજધાની ઈસ્લામાબાદમાં એક મોટી સુરક્ષા સમિટનું આયોજન થવા જઈ રહ્યું છે. હજુ સુધી આ હુમલાની જવાબદારી કોઈ જૂથે લીધી નથી, પરંતુ આ વિસ્તાર લાંબા સમયથી અલગતાવાદી ગતિવિધિઓ માટે જાણીતો છે. અહીં ઘણા જૂથો પાકિસ્તાન સરકાર પર તેલ અને ખનિજથી સમૃદ્ધ બલૂચિસ્તાનના સંસાધનોનું અયોગ્ય રીતે શોષણ કરવાનો આરોપ લગાવે છે. આ એ વિસ્તાર છે જ્યાં મોટી સંખ્યામાં અલગતાવાદી નેતાઓ રહે છે અને તેમની આઝાદીની માંગ કરે છે. આ લોકોનો આરોપ છે કે પાકિસ્તાન સરકાર સ્થાનિક લોકોના ભોગે તેલ અને ખનિજથી સમૃદ્ધ બલૂચિસ્તાનનું અન્યાયી રીતે શોષણ કરી રહી છે. સોમવારે બલૂચ લિબરેશન આર્મી નામના જૂથે કહ્યું કે તેણે પાકિસ્તાનના સૌથી મોટા એરપોર્ટની બહાર ચીની નાગરિકો પર હુમલો કર્યો છે. દેશમાં હજારો ચાઈનીઝ કામ કરે છે, જેમાંથી મોટા ભાગના બેઈજિંગના બિલિયન-ડોલર બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવમાં છે. બલૂચિસ્તાન પ્રાંતમાં ઘણા સમયથી અલગતાવાદી અને આતંકવાદી ગતિવિધિઓને કારણે અસ્થિરતા છે. આ હુમલો તાજેતરના સમયમાં આ પ્રદેશમાં સૌથી ભયાનક ઘટનાઓમાંની એક છે. આ પહેલા સોમવારે બલૂચ લિબરેશન આર્મી (BLA)એ પાકિસ્તાનના સૌથી મોટા એરપોર્ટની બહાર ચીની નાગરિકો પર થયેલા હુમલાની જવાબદારી લીધી હતી. પાકિસ્તાનમાં હજારો ચીની નાગરિકો કામ કરે છે, જેઓ બેઈજિંગના અબજ ડોલરના બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટ સાથે જોડાયેલા છે. શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ની બેઠક ૧૫ અને ૧૬ ઓક્ટોબરે પાકિસ્તાનમાં યોજાવા જઈ રહી છે. આમાં ભારત તરફથી વિદેશ મંત્રી એસ જયશંકર પણ ભાગ લેવાના છે. તે પહેલા પાકિસ્તાનમાં બનેલી તાજેતરની ઘટનાએ સુરક્ષાની દૃષ્ટિએ ચિંતા પેદા કરી છે.

## હરિયાણા વિધાનસભા ચૂંટણીનાં પરિણામો કોંગ્રેસ માટે મોટી અસફળતા

હરિયાણા વિધાનસભા ચૂંટણીનાં પરિણામો કોંગ્રેસ માટે મોટી અસફળતા સાબિત થયાં છે. આ પરિણામો કંઈ ભાજપની અણધારી જીત નથી, તે તેના માઈક્રોમેનેજમેન્ટની કમાલ જ ગણવી રહી, જ્યારે કોંગ્રેસને અહંકાર-આક્રમકતાની હવા ભરાઈ ગઈ હતી. કોંગ્રેસે લોકસભા ચૂંટણી દરમ્યાન જે મોમેન્ટમ મેળવ્યું હતું, તે અચાનક જ ગુમાવી દીધું. હરિયાણાની હારથી પાર્ટી સમસમી ગઈ છે. આવનાર સમયમાં મહારાષ્ટ્ર, ઝારખંડ અને દિલ્હીની મહત્ત્વની વિધાનસભા ચૂંટણીઓ થવાની છે. પાર્ટીએ તેના પહેલાં ખુદને કમજોર સ્થિતિમાં લાવી દીધી છે. હરિયાણામાં કોંગ્રેસને ઘણી આશા હતી. પરંતુ તેની રણનીતિમાં એક નહીં, ઘણી ખામીઓ રહી ગઈ અને તેનો કેન્દ્રીય નેતૃત્વ સાથે શો સંબંધ છે, તે સમજવાની કોશિશ કરીએ. કોંગ્રેસના સર્વેસર્વા રાહુલ ગાંધીએ આ ચૂંટણીની કમાન એક રીતે ભૂપેન્દ્ર હુડ્ડા જૂથને સોંપી દીધી હતી. પાર્ટીએ જોકે મુખ્યમંત્રી પદની જાહેરાત નહોતી કરી, પરંતુ એ સ્પષ્ટ હતું કે સંભવિત ચહેરો ભૂપેન્દ્ર હુડ્ડા જ છે. તેની આશા એટલા માટે હતી કે હુડ્ડા જૂથે ૯૦માંથી ૭૨ સીટો પર પોતાના સગાં-સંબંધીઓને ટિકિટ અપાવી હતી. હરિયાણા કોંગ્રેસમાં કોઈ એક જૂથનું આટલી હદે નિયંત્રણ બિલકુલ નવી વાત છે. ભૂતકાળમાં જોઈએ તો ૧૯૮૦ના દાયકામાં પાર્ટીનું રાજ્ય એકમ ભજનલાલ અને બંસીલાલ જૂથોમાં વહેંચાયેલું હતું. ૧૯૯૦ના દાયકાથી ભજનલાલ અને ભૂપેન્દ્રસિંહ હુડ્ડાના જૂથો વચ્ચે પ્રતિસ્પર્ધા થવા લાગી. ૨૦૦૦ના દાયકામાં રાજ્યમાં એવા બીજા નેતા ઉભરી આવ્યા જેમણે મજબૂત હુડ્ડા જૂથને ટક્કર આપી. છેલ્લા પાંચ વર્ષોમાં હુડ્ડા પરિવાર ફરીથી મજબૂત થયો છે. તેણે પોતાના હરીફોને કાં તો પાર્ટીની બહાર કઢાવી મૂક્યા છે કે પછી તેમના પ્રભાવને ખતમ કરી દીધો. દાખલા તરીકે કુલદીપ બિશ્નોઈ, અશોક તંવર અને કિરણ ચૌધરીનું નામ લઈ શકાય, જેમણે કોંગ્રેસનો સાથ છોડ્યો. જોકે ચૂંટણી પહેલાં જ તંવર પાછા કોંગ્રેસમાં આવી ગયા, પણ તેનો કશો લાભ ન થયો. એ જ રીતે કુમારી શૈલજા અને રણદીપ સુરજેવાલા જેવા વરિષ્ઠ નેતાઓનો પ્રભાવ ઘટતો ગયો. કોંગ્રેસમાં વિભિન્ન જૂથો વચ્ચે પ્રતિસ્પર્ધાનો ફાયદો એ છે કે તેનાથી પાર્ટીને અલગ-અલગ જાતિ અને ક્ષેત્રના જટિલ સમીકરણોને સાધવામાં મદદ મળે છે. સાથે જ તેની છબિ એક એવા પક્ષ રૂપે બને છે, જે અંતર્ગત દરેક પ્રકારના લોકો કામ કરી રહ્યા છે. બીજા શબ્દોમાં કહીએ તો જૂથોનો ટકરાવ સંતુલન લાવવામાં મદદ કરે છે, જેમ કે જાટ નેતાઓના પ્રભાવ સામે ઓબીસી અને દલિત નેતાઓને લાવવા. આ વખતે કોંગ્રેસની રણનીતિમાં કેટલીય કમજોરીઓ હતી, જેનાથી તેણે નુક્સાન ઉઠાવવું પડ્યું. તેમાં એક ભૂલ એ થઈ કે હુડ્ડાને મુખ્યમંત્રી પદના ઉમેદવાર દેખાડવા અને બાકી નેતાઓને નજર અંદાજ કરવાથી ભાજપને જાટ વિરુદ્ધ બિનજાટનો વિમર્શ આગળ વધારવાનો મોકો મળી ગયો. એ યાદ રાખવું જોઈએ કે રાજ્યમાં જાટોની આબાદી માત્ર ૧૯ ટકા છે. જાટ દબદબાનો ડર દેખાડીને ભાજપે પોતાની મુખ્ય વોટબેંક, સવર્ણ જાતિઓ અને ઓબીસીને એકજૂટ કરી દીધા. સાથે જ ઘણી સંખ્યામાં દલિત મતો પણ હાંસલ કર્યા. હરિયાણામાં દલિત વોટબેંક કુલ આબાદીની લગભગ ૨૧ ટકા છે, પરંતુ લાગે છે કે કોંગ્રેસ તેનો ફાયદો ન ઉઠાવી શકી. ઈનેલો-બસપા ગઠબંધનને ૬ ટકા વોટ મળવા દર્શાવે છે કે દલિતોનો એક મોટો હિસ્સો કોંગ્રેસના અભિયાનથી દૂર જ રહ્યો. તેનું મુખ્ય કારણ એ રહ્યું કે કોંગ્રેસે એક દલિત મહિલા નેતા કુમારી શૈલજાને હાંસિયામાં જ ધકેલી દીધાં. તેને કારણે તેઓ નારાજ થયાં અને આખરી ચરણને છોડી દઈએ તો બાકી ચૂંટણી પ્રચારમાંથી કુમારી શૈલજા ગાયબ જ રહ્યાં.

**આજે આસો સુદ દશમ એટલે કે વિજયાદશમી અથવા દશેરાનો તહેવાર છે, અને આ તહેવાર રામરૂપી સત્યના વિજયની યાદમાં ઉજવાય છે**

# રાવણ દહન કરતાં પહેલાં રાવણ વિશે જાણીને એ પાત્રને ન્યાય કરીએ! રાવણ બહુ મોટાં શિવ ભક્ત હતાં



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ત્રેતા યુગમાં ભગવાન શ્રીરામ લક્ષ્મણ અને જાનકી પિતાનું વચન નિભાવવા માટે જ્યારે ૧૪ વર્ષનો વનવાસ ભોગવી રહ્યા છે, ત્યારે લંકાપતિ રાવણ સીતાનું અપહરણ કરે છે, અને લંકામાં લઈ જઈને કેદ કરે છે, ભગવાન રામ ત્યારે સુગ્રીવ હનુમંત, અંગદ, જામવંત, નલનીલ વગેરે જેવા રીંછ વાનરની સેના સાથે લંકા પર આક્રમણ કરે છે, અને રાવણનો વધ કરી સીતાજીને તેની કેદમાંથી છોડાવે છે.**



શક્રાદયા સૂરગણાં નિહતે તિવિર્ય તસ્મિન દુરાત્મનિ સૂરારિ બલે ચ દેવ્યામ... નોમનાં પણ યજ્ઞ કાર્ય સંપન્ન થયા. વિશ્વંભરી, જય આદ્યા શક્તિની આરતી, તેમજ આંખડી અધીર મારી આંખડી અધીર.. છેટાં રહોને સૌ છેટાં રહો અંબે બહુચરને રમવા ઘો... આવો રણકાર બીજે ક્યાંય નથી સાંભળ્યો આતો મારાં માજીના રથનો રણકાર... આ બધું જ હવે નવરાત્રી પૂરી થતાં પુરું! નવ નવ દિવસથી ચાલતું આ ભક્તિ ભાવનું પર્વ કાળીયુગી માનસિકતા પ્રમાણે પૂર્ણ થયું. બહાર તો બધું સરખું કર્યું, પરંતુ અંદર હજી એક બહુ મોટો વિકાર એટલે કે આ અહંકાર રહી ગયો છે, અને એને પણ ખત્મ કરવો પડશે રાવણને આપણે ત્યાં અહંકારનાં અવતાર તરીકે ઓળખવામાં આવે છે, તો દશેરા એ લંકાપતિ રાવણનાં અહંકાર વિશે વાત કરીશું. આજે આસો સુદ દશમ એટલે કે વિજયાદશમી અથવા દશેરાનો તહેવાર છે, અને આ તહેવાર રામરૂપી સત્યના વિજયની યાદમાં ઉજવાય છે. ત્રેતા યુગમાં ભગવાન શ્રીરામ લક્ષ્મણ અને જાનકી પિતાનું વચન નિભાવવા માટે જ્યારે ૧૪ વર્ષનો વનવાસ ભોગવી રહ્યા છે, ત્યારે લંકાપતિ રાવણ સીતાનું અપહરણ કરે છે, અને લંકામાં લઈ જઈને કેદ કરે છે. ભગવાન રામ ત્યારે સુગ્રીવ હનુમંત, અંગદ, જામવંત, નલનીલ વગેરે જેવા રીંછ વાનરની સેના સાથે લંકા પર આક્રમણ કરે છે, અને રાવણનો વધ કરી સીતાજીને તેની કેદમાંથી છોડાવે છે. આટલી પ્રાથમિક માહિતી લગભગ દરેક ભારતીયને છે, અને ન્હોય તો હોવી પણ જોઈએ. પણ રાવણ વિશે હજી આપણે ઓછું જાણીએ છીએ! એક તો રાક્ષસ કુળ હોવું એ ખરાબ નહોતું! કારણકે જળ એ જીવન છે એ મહત્વની વાતને ધ્યાનમાં રાખીને બ્રહ્મા એ જ બે વર્ગ પાડ્યા હતાં કે, જે પાણીનું રક્ષણ કરે એ અપભ્રંશ થતાં રાક્ષસ અને જે એનું યક્ષાશં કરે એ યક્ષ, એમ બે જ શ્રેણી ત્યારે ઉપસ્થિત હતી! અને આમ પણ રાવણ મૂળમાં બ્રહ્માના પુત્ર પુલસ્ત્યનાં વંશજ તરીકે આવતા વિશ્વશ્રવા કેકસીનો પુત્ર છે અને એટલે જ એ ઋષિય ગુણ પણ ધરાવે છે. રાવણ બહુ મોટાં શિવ ભક્ત હતાં! આ ઉપરાંત એ વિવેચક અને વિચારક પણ હતાં, એમણે સમાજ ઉપયોગી ત્રણ પુસ્તક પણ લખ્યા છે. રાવણ સંહિતા કુમાર તંત્ર અને દત્તાત્રય ! હકીકતમાં એ તંત્ર માર્ગીય સાધના દર્શાવે છે! પરંતુ રાવણ સંહિતામાં ઔષધ અને આર્યુવેદ વિશે પણ મહત્વની ભૂમિકા રચી છે! એમણે કહ્યું કે યોદ્ધાને ઔષધિ તેમજ આયુર્વેદનું જ્ઞાન હોવું જરૂરી છે. આશ્ચર્યની વાત તો ત્યાં છે કે એના તંત્ર માર્ગમાં પણ ક્યાંય બલિ, રક્ત કે અન્ય જીવીત પ્રાણી કે માંસની વાતનો ઉલ્લેખ નથી! અને દરેક મંત્રમાં સરસ્વતીનો ઉલ્લેખ છે, અને એટલે જ તાંડવ સ્તોત્ર જેવી સંસ્કૃત વાણી નીકળી. અત્યારે કળિયુગ એની અસીમતા વટાવતો જાય છે. સમાજની બેન દીકરીઓની ઈજ્જત સરેઆમ ઉછળે છે, અને છતાં આરોપી આઝાદ ફરે છે. એટલે એવું લાગે કે આપણે આ દશેરાનો તહેવાર ઉજવીને રાવણને દંડ કરી રહ્યા છીએ! સમય બદલાય એમ સંદર્ભ પણ બદલાય, એટલે એ રીતે રાવણ આપણને ઘણો સજ્જન લાગે, કારણ કે એણે લંકામાં લઈ જવા છતાં સીતાજીનો સ્પર્શ પણ કર્યો નથી. આ ઉપરાંત યુદ્ધમાં પણ ક્યાંય અનીતિ થઈ હોય એવું નોંધાયું નથી, રાવણનાં પુત્ર ઈન્દ્રજીતે વિજય માટે યજ્ઞ કર્યો હતો, એવી વાત નોંધાઈ છે, પણ રાવણે પોતાની જીત માટે કંઈ કર્યું હોય એવું નોંધાયું નથી. એટલે કે મંત્ર તંત્રનો પ્રયોગ તેણે કર્યો નહોતો! કારણ કે એ જાણતો હતો કે, પોતે આ ખોટું કરી રહ્યો છે, પણ એને પ્રભુ શ્રીરામના હાથે મૃત્યુ જોઈતું હતું, એટલે તેણે ખેલ નાખ્યો એવો પણ અર્થ કાઢી શકાય, કે તુલસીદાસજી લખ્યું તેમ રાવણ પણ અવતાર હતો. કાળ ગણના પ્રમાણે અત્યારે દાનવ શ્રેણી દેખીતી રીતે લુપ્ત થઈ ગઈ છે, એટલે કે એક કરતાં વધુ મસ્તક હોવા માથે શિંગડા, લાંબા લાંબા હાથ, લાંબા લાંબા નખ,જેવો વિકૃત ચહેરો અને બીજું પણ કેટલુંય એવું બધું દેખાવની રીતે જોવા મળતું નથી. વિજ્ઞાનની રીતે કહીએ તો ઉત્ક્રાંતિવાદને કારણે આજે મનુષ્યનું એકદમ સુંદર સ્વચ્છ અને શિક્ષિત સ્વરૂપ આપણને મળી ગયું છે, પણ એમાં ધીરે ધીરે સંસ્કૃતિના સંસ્કારનું જે ભૂષણ હતું, એ લુપ્ત થતું જાય છે, અને એને કારણે ક્યાંક ક્યાંક આજનો માનવી રાવણ કરતા પણ વધુ વિકૃત છે, એ આપણે સૌ જાણીએ છીએ. આંતરિક રીતે પ્રવેશી ગયેલી વિકૃતિનું નિવારણ એમ એટલું સહેલું પણ નથી. એટલે કે કોઈ ઈચ્છે તો ન થાય, પરંતુ સ્વયંની ઈચ્છા હોય તો જ સ્વમાં સુધારો થાય, નવ દિવસથી મા જગતજનની જગદંબાની આરાધના કરી રહ્યા છીએ એ સર્વોપરી શક્તિ આગળ ત્રિદેવ નત મસ્તક થઈ પોતાના કાર્ય માટે વિનંતી કરે છે. તો પ્રશ્ન એ થાય કે જ્યારે અવતાર તરીકે ઈશ્વરે જન્મ લીધો ત્યારે નારી શક્તિનું મહાત્મ્ય જેટલું થવું જોઈએ એટલું થયું ખરું! ઈશ્વર કાર્ય કારણ સિધ્ધાંતથી પર હોય છે, એટલે એ જે કરે તે અવતાર લીલા કહેવાય! પરંતુ એક જીવ તરીકે એને મુલાવવામાં આવે તો એમાં પણ ત્રૂટી હતી. માતા સીતા જ નહીં, કૌશલ્યા, કૈકેયી, સુમિત્રા, ઉર્મિલા, માંડવી, શ્રુતિકીર્તિ! બધાંએ વગર કારણે દંડ ભોગવ્યો. દ્વાપરયુગની વાત કરીએ તો, પણ કુંતી, માદ્રી, દ્રૌપદી, ઉત્તરા, ગાંધારી, અને બધા જ! શું કૌરવોની પત્નીઓ દ્રૌપદીનું ચીર હરણ ઈચ્છતી હતી?; પણ કેમ સૌ મૌન રહ્યા? એ રીતે જોઈએ તો આજનો કાળ ઘણો ઉત્તમ લાગે કારણ કે સમાજના ૨૫% ને બાદ કરતા બાકીના પ્રમાણમાં નારી શક્તિનું અનુમોદન કરી રહ્યા છે, અને તેની ઈચ્છાઓને માન પણ આપી રહ્યા છે તેને ઉડવા માટે આકાશ પણ આપ્યું છે અને ઘરગૃહસ્થિની જંજાળમાંથી થોડી મુક્ત પણ કરી છે. ચૈત્ર સુદ નોમના દિવસે એટલે કે ચૈત્ર નવરાત્રની શક્તિની ઉપાસનાના અંતિમ દિવસે સત્યનો જન્મ થાય છે, અને આસો સુદ દશેરાએ એ રામ રાવણનો વધ કરે છે, ત્રેતા કાળ વીતી ગયાને આજે ઘણો સમય થઈ ગયો, એ પછી આખા યુગનો એટલે કે દ્વાપર યુગનો પણ અસ્ત થઈ ગયો. રાવણનો વધ કરવો, એટલે એનું આજના સમયમાં ચિંતન કરીએ તો, આજે રાવણ બહાર નથી. દરેકમાં ભીતર જ એક રામ અને એક રાવણ બંને વસે છે. સમય સમયે એક પાત્ર બીજા પાત્ર પર હાવી થાય છે, અને કર્મ કે કાર્ય કરાવી જાય છે. રાવણ પર રામ તત્વ હાવી થાય, ત્યારે ધર્મ કર્મ થાય અને રામપર રાવણ તત્વ હાવી થાય ત્યારે અધમ કૃત્ય થાય. શક્તિની નવ નવ દિવસની ઉપાસના કરી, અને જો આપણને રાવણ ન દેખાય તો, આપણી આ ઉપાસના નિષ્ફળ રહી છે, તેવું કહી શકાય. આત્મ વિશ્લેષણને અંતે રામ રાવણ બંને તત્વતઃ અવતાર જ છે. જો એ સ્ત્રી શક્તિ કે અસ્મિતાનું રક્ષણ કરનાર હતો, એટલે સામે જ મૃત્યુ ઉભું છે, એ ખબર હોવા છતાં પણ પોતાના નિર્ણયમાં કોઈ ફેરફાર તેણે કર્યો નહીં. કારણ કે અંતે તો રાવણ પણ અવતાર હતો, અને લીલા માત્ર કરી રહ્યો હતો. સમાજને શીખ દેવા માટે અવતારો આ રીતે લીલા કરતા, આપણે સૌ રામ અને રાવણ બંને પાત્રોમાંથી શીખ ગ્રહણ કરી, અને આગળનું જીવન પૂર્ણ કરીએ, તથા મા ભગવતીની અનંત ને અખંડ સાધનાનો સંકલ્પ જગદંબા પૂરો કરવા અવશ્ય શક્તિ પ્રદાન કરશે.

**જ્યારે ભાગી રહેલા રાક્ષસો નો પણ નારાયણ સંહાર કરતા રહ્યાં તો માલ્યવાન ક્રુદ્ધ થઇ યુદ્ધ ભૂમિમાં પાછો ફર્યો**

# રાવણ દુષ્ટ હતો અને પાપી હતો ત્યાં જ તેનામાં શિષ્ટાચાર-ઊંચા આદર્શોવાળી મર્યાદાઓ પણ હતી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પૂર્વકાળમાં બ્રહ્માજીએ અનેક જીવજંતુ બનાવ્યા અને તેમને સમુદ્રના જળની રક્ષા કરવા માટે કહ્યું ત્યારે તે જંતુઓમાંથી અમુક બોલ્યાં કે અમે આનું રક્ષણ (રક્ષા) કેવી રીતે કરીશું અને અમુકોએ કહ્યું કે અમે આનું યક્ષણ (પૂજા) કરીશું, આના પર બ્રહ્માજીએ કહ્યું કે જે રક્ષણ કરશે તે રાક્ષસ કહેવાશે અને જે યક્ષણ કરશે તે યક્ષ કહેવાશે.**

નવલાં નોરતાંની રમઝટ આરાધના ઉપાસના કરી આજે ઉપાસના આરાઘના દરમિયાનજે વિકૃતિઓ મલીનતા બહાર આવી હોય તેનું દહન કરી શ્રેષ્ઠ જીવન જીવવા માટે પ્રયત્ન કરીએ. રાવણ લંકાનો રાજા હતો.તે પોતાના દસ માથાંને લીધે પણ ઓળખાતો હતો, જેને લીધે તેનું નામ દશાનન પડ્યું. રાવણમાં અવ ગુણની અપેક્ષાએ ગુણ અધિક હતા. કદાચ રાવણ ન હોત તો રામાયણની રચના પણ ન થઈ હોત. જોવા જઈએ તો રામકથા માં રાવણ જ એવું પાત્ર છે જે રામનાં ઉજ્જ્વળ ચરિત્રને ઉભારવાનું કામ કરે છે. રાવણ ભગવાન શિવ નો અનન્ય ભક્ત હતો.આજે વિજયા દશમી રાવણ વિશે થોડું જાણવા પ્રયત્ન કરીએ. પૂર્વકાળમાં બ્રહ્માજીએ અનેક જીવજંતુ બનાવ્યા અને તેમને સમુદ્રના જળની રક્ષા કરવા માટે કહ્યું ત્યારે તે જંતુઓમાંથી અમુક બોલ્યાં કે અમે આનું રક્ષણ (રક્ષા) કેવી રીતે કરીશું અને અમુકોએ કહ્યું કે અમે આનું યક્ષણ (પૂજા) કરીશું. આના પર બ્રહ્માજીએ કહ્યું કે જે રક્ષણ કરશે તે રાક્ષસ કહેવાશે અને જે યક્ષણ કરશે તે યક્ષ કહેવાશે. આ પ્રકારે તે બે જાતિયોંમાં વહેંચાઈ ગયા. રાક્ષસો માં હેતિ અને પ્રહેતિ બે ભાઈ હતાં પ્રહેતિ તપસ્યા કરવા ચાલ્યો ગયો, પરંતુ હેતિએ ભયા સાથે લગ્ન કર્યા જેથી તેને વિદ્યુત્કેશ નામક પુત્ર ઉત્પન્ન થયો. વિદ્યુત્કેશને સુકેશ નામક પરાક્રમી પુત્ર થયો.સુકેશને માલ્યવાન, સુમાલી અને માલી નામક ત્રણ પુત્ર થયા.ત્રણે જણાએ બ્રહ્માજી ની તપસ્યા કરી વરદાન પ્રાપ્ત કરી લીધું કે અમારો પ્રેમ અતુટ રહે અને અમને કોઈ પરાજિત ન કરી શકે. વરદાન પામી તેઓ નિર્ભય થઈ ગયાં અને સુરો, અસુરોને સતાવવા માંડ્યાં. તેમણે વિશ્વકર્માને એક અત્યંત સુંદર નગર બનાવવા માટે કહ્યું. તેના પર વિશ્વકર્માએ તેમને લંકા પુરીનું સરનામું બતાવી મોકલી દીધા . ત્યાં તેઓ ખૂબ આનંદ સાથે રહેવા લાગ્યાં માલ્ય વાનને વજ્રમુષ્ટિ, વિરૂપાક્ષ, દુર્મુખ, સુપ્તઘ્ન, યજ્ઞકોપ, મત્ત અનેઉન્મત્ત નામક સાત પુત્ર થયા. સુમાલીને પ્રહસ્ત્ર, અકમ્પન, વિકટ, કાલિકા મુખ, ધૂમ્રાક્ષ, દણ્ડ, સુપાર્શ્વ, સંહ્લાદિ પ્રઘસ અને ભાર કર્ણ નામના દસ પુત્ર થયા.માલીના અનલ,અનિલ હર અને સમ્પાતી નામના ચાર પુત્ર થયા.તે સૌ બળવાન અને દુષ્ટ પ્રકૃતિ હોવાને કે લીધે ઋષિ મુનિઓને કષ્ટ આપ્યા કરતા. તેમના કષ્ટોંથી દુઃખી થઈ ઋષિ- મુનિગણ જ્યારે ભગવાન વિષ્ણુ ના શરણે ગયા ત્યારે તેમણે આશ્વાસન આપ્યું કે હે ઋષિયોં! હું આ દુષ્ટોંનો અવશ્ય નાશ કરીશ. જ્યારે રાક્ષસોને વિષ્ણુના આ આશ્વાસનની સૂચના મળી તો તે સૌ મંત્રણા કરી સંગઠિત થઈ માલી ના સેનાપતિત્વમાં ઈન્દ્રલોક પર આક્રમણ કરવા માટે ચાલી પડ્યાં.આ સમાચાર સાંભળી ભગવાન વિષ્ણુએ પોતાના અસ્ત્ર શસ્ત્ર સંભાળ્યા અને રાક્ષસોનો સંહાર કરવા માંડ્યા. સેનાપતિ માલી સહિત ઘણાં રાક્ષસ માર્યા ગયા અને શેષ લંકા તરફ ભાગી ગયાં.જ્યારે ભાગી રહેલા રાક્ષસો નો પણ નારાયણ સંહાર કરતા રહ્યાં તો માલ્યવાન ક્રુદ્ધ થઈ યુદ્ધ ભૂમિ માં પાછો ફર્યો.ભગવાન વિષ્ણુના હાથે અંતમાં માલ્યવાન શેષ બચેલા રાક્ષસ સુમાલીના નેતૃત્વમાં લંકા ત્યાગી પાતાળમાં જઈ વસ્યો અને લંકા પર કુબેરનું રાજ્ય સ્થાપિત થયું. રાક્ષસોના વિનાશથી દુઃખી થઈ સુમાલીએ પોતાની પુત્રી કૈકસી ને કહ્યું કે પુત્રી રાક્ષસ વંશના કલ્યાણ માટે હું ચાહું છું કે તું પરમ પરાક્રમી મહર્ષિ વિશ્રવા પાસે જઈ તેમની પાસેથી પુત્ર પ્રાપ્ત કર. તે પુત્ર આપણાં રાક્ષસોની દેવતાઓથી રક્ષા કરી શકશે.પિતાની આજ્ઞા મેળવી કૈકસી વિશ્રવા પાસે ગઈ.તે સમયે ભયંકર આંધી ચાલી રહી હતી. આકાશમાં મેઘ ગરજી રહ્યાં હતા. કૈકસીનો અભિપ્રાય જાણી વિશ્વા એ કહ્યું કે ભદ્રે! તુ આ કવેળામાં આવી છે. હું તારી ઈચ્છા તો પૂરી કરી દઈશ પરંતુ આનાથી તારી સંતાન દુષ્ટ સ્વભાવવાળી અને ક્રૂરકર્મા થશે. મુનિની વાત સાંભળી કૈકસી તેમના ચરણોંમાં પડી અને બોલી કે ભગવન્ આપ બ્રહ્મવાદી મહાત્મા છો. તમારી પાસેથી હું આવા દુરા ચારી સંતાન પામવાની આશા નથી કરતી. અતઃ તમે મારા પર કૃપા કરો કૈકસીના વચન સાંભળી મુનિ વિશ્રવાએ કહ્યું કે ભલે,તો તારો સૌથી નાનો પુત્ર સદાચારી અને ધર્માત્મા થશે. આ પ્રકારે કૈકસીએ દસમુખ વાળા પુત્રને જન્મ આપ્યો જેનું નામ દશ ગ્રીવ (રાવણ) રાખવામાં આવ્યું તે પશ્ચાત્ કુમ્ભકર્ણ, શૂર્પણખા અને વિભીષણનોજન્મ થયો. દશગ્રીવ અને કુમ્ભકર્ણ અત્યંત દુષ્ટ થતા,પરંતુ વિભીષણ ધર્માત્મા પ્રકૃતિનો હતો પોતાના ભાઈ વૈશ્રવથી પણ અધિક પરાક્રમી અને શકતિશાળી બનવા માટે દશગ્રીવે પોતાના ભાઈઓ સહિત બ્રહ્માજીની તપસ્યા કરી. બ્રહ્માના પ્રસન્ન થવા પર દશગ્રીવે માંગ્યું કે હું ગરુડ, નાગ, યક્ષ, દૈત્ય, દાનવ, રાક્ષસ તથા દેવતાઓં માટે અવધ્ય થઈ જાઉઁ. બ્રહ્માજી એ 'તથાસ્તુ' કહી તેની ઈચ્છા પૂરી કરી.વિભીષણને ધર્મમાં અવિચલ મતિનું અને કુંભકર્ણને વર્ષો સુધી સુતા રહેવાનું વરદાન મળ્યું. રાવણમાં ગમે તેટલું રાક્ષસત્વ કેમ ન હોય, તેના ગુણોને અવગણી ન શકાય. રાવણ એક અતિબુદ્ધિમાન બ્રાહ્મણ તથા શંકર ભગવાનનો ખૂબ મોટો ભક્ત હતો. તે મહા તેજસ્વી,પ્રતાપી,પરાક્રમી, રૂપવાન તથા વિદ્વાન હતો. વાલ્મીકિ તેના ગુણોને નિષ્પક્ષતા સાથે સ્વીકાર કરતા તેને ચારે વેદોનો વિશ્વ વિખ્યાત જ્ઞાતા અને મહાન વિદ્વાન બતાવે છે.તે પોતાના રામાયણમાં હનુમાનના રાવણના દરબારમાં પ્રવેશ સમયે લખે છેઃ અહો રૂપમહો ધૈર્ય મહોત્સવમહો દ્યુતિઃઅહો રાક્ષસ રાજસ્ય સર્વ લક્ષણયુક્તતા આગળ તેઓ લખે છે ''રાવણને જોતાં જ રામ મુગ્ધ થઈ જાય છે અને કહે છે કે રૂપ, સૌન્દર્ય, ધૈર્ય, કાન્તિ તથા સર્વલક્ષણયુક્ત હોવા છતાં પણ આ રાવણમાં અધર્મ બળવાન ન હોત તો આ દેવલોકનો પણ સ્વામી બની જાત''જ્યાં રાવણ દુષ્ટ હતો અને પાપી હતો ત્યાં જ તેનામાં શિષ્ટાચાર અને ઊંચા આદર્શોવાળી મર્યાદા ઓ પણ હતી. રામના વિયોગમાં દુઃખી સીતાને રાવણે કહ્યું , ''હે સીતે! જો તુ મારા પ્રતિ કામભાવ નથી રાખતી તો હું તને સ્પર્શ ન કરી શકું'' શાસ્ત્રો અનુસાર વન્ધ્યા, રજસ્વલા,અકામા,આદિ સ્ત્રીઓને સ્પર્શ કરવાનો નિષેધ છે. અતઃ પોતાના પ્રતિ અકામા સીતા ને સ્પર્શ ન કરી રાવણ મર્યાદાઓ નું જ આચરણ કરતો હતો. વાલ્મીકિ રામાયણ અનેરામચરિત માનસ બને ગ્રંથોમાં રાવણને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. રાક્ષસી માતા અને ઋષિ પિતાનું સંતાન હોવાથી સદૈવ બે પરસ્પર વિરોધી તત્વ રાવણના અંતઃકરણ ને વલોવતા રહેતાં.વાલ્મીકિ, રાવણના અધર્મી હોવાને તેનો મુખ્ય અવગુણ ગણે છે. તેમનાં રામાયણમાં રાવણનો વધ થવાપર મંદોદરી વિલાપ કરતાં કહે છે, અનેક યજ્ઞોનો વિલોપ કરવાવાળા ધર્મ વ્યવસ્થા ઓને તોડનારા, દેવ અસુર અને મનુષ્યોની કન્યાઓનું જ્યાંત્યાંથી હરણ કરવાવાળા આજે તું પોતાના આ જ પાપ કર્મો ને લીધે જ વધને પ્રાપ્ત થયો છે.'' તુલસીદાસ માત્ર તેના અહંકારને જ તેનો મુખ્ય અવગુણ બતાવે છે. તેમણે રાવણને બહારથી રામ સાથે શત્રુભાવ રાખવા છતાં હૃદયથી તેમનો ભક્ત બતાવ્યો છે. તુલસીદાસ અનુસાર રાવણ વિચારે છે કે જો સ્વયં ભગવાને અવતાર લીધો છે તો હું જઈને તેમનાથી હઠપૂર્વક વેર કરીશ અને પ્રભુના બાણોના આઘાતથી પ્રાણ છોડી ભવબંધનથી મુક્ત થઈ જઈશ.રાવણ મહિષાસુરનો નાશ થયાની ખુશાલીમાં ઉજવાતું પર્વ એટલે વિજયા દશમી..આપ સૌ પણ આપણા હૃદય મનમાં કોઈ જાતની વિકૃતિ મલીનતા ઘુસી ગઈ હોય તો તેને બહાર કાઢી દહન કરી સ્વચ્છ બનીએ.

# કોન્સર્ટ અધવચ્ચે રોકીને દિલજીતે આપી રતન ટાટાને શ્રદ્ધાંજલિ

## એક બિઝનેસમેન સિવાય સામાન્ય માણસ તરીકે રતન ટાટા દરેકના ફેવરિટ મનાતા હતા : દિલજીત દોસાંઝ

૮૬ વર્ષની ઉંમરમાં ભારતીય બિઝનેસ ટાઈકુન રતન નવલ ટાટાનું નિધન થઈ ગયું. મુંબઈના બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. રતન ટાટાના આ રીતે દુનિયાને અલવિદા કહેવાથી બધાને આઘાત લાગ્યો છે. ત્યારે પંજાબી ફિલ્મ કલાકાર અને સિંગર દિલજીત દોસાંઝને જ્યારે રતન ટાટાના નિધનની માહિતી મળી તો તેણે જર્મનીમાં ચાલી રહેલા તેના લાઈવ મ્યુઝિક કોન્સર્ટને અધવચ્ચે જ રોકી દીધો અને તેમને ખાસ અંદાજમાં શ્રદ્ધાંજલિ આપી. અત્યારે દિલજીત દોસાંઝ સમગ્ર દુનિયામાં લાઈવ મ્યુઝિક કોન્સર્ટ કરી રહ્યો છે. તાજેતરમાં જ યુનાઈટેડ કિંગ્ડમ એટલે કે, યુકેમાં કોન્સર્ટ કરનાર દિલજીત જર્મની પહોંચ્યો અને ત્યાં બુધવારે રાત્રે મ્યુઝિક કોન્સર્ટને હોસ્ટ કરી રહ્યો હતો. દિલજીત દોસાંઝને લાઈવ કોન્સર્ટ દરમિયાન ભારતના દિગ્ગજ ઉદ્યોગપતિ



દિલજીતે રોક્યું લાઈવ કોન્સર્ટ

રતન ટાટાના નિધન વિશે માહિતી મળી અને તેણે તાત્કાલિક પોતાનો કોન્સર્ટ અધવચ્ચે જ રોકી દીધો અને પદ્મ વિભૂષણ બિઝનેસ ટાઈકુનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. દિલજીતનો આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. એક બિઝનેસમેન સિવાય સામાન્ય માણસ તરીકે રતન ટાટા દરેકના ફેવરિટ મનાતા હતા. તેમની સાદગી લોકોના દિલમાં હંમેશા માટે અમર રહેશે. આ કારણ છે કે, દિલજીત દોસાંઝે પણ રતન ટાટાને પોતાના જ અંદાજમાં શ્રદ્ધાંજલિ આપી છે. જોકે, તેમના જર્મની કોન્સર્ટનો એક વીડિયો ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં દિલજીત કહી રહ્યો છે કે, 'રતન ટાટાજીનું નિધન થઈ ગયું છે. આ જીવન છે, જે રીતે તેમણે પોતાનું નિર્દોષ જીવન જીવ્યું તે પ્રશંસાને પાત્ર છે. તેમણે આપણને સખત મહેનત કરવા અને આપ ણાં લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરતા શીખવ્યું છે. તેમણે ક્યારેય કોઈના વિશે ખોટા શબ્દો નથી બોલ્યા માત્ર સારું કામ કર્યુ છે. આજનો આ શો તેમને સમર્પિત, તમને સલામ.'



'દેવરા' કેમ હિટ ના થઈ? ઓડિયન્સ નેગેટિવ થઈ ગયું છેઃ જુનિયર NTR

# 'દેવરા' ફિલ્મ કેમ હિટ ના થઈ? ઓડિયન્સ નેગેટિવ થઈ ગયું છેઃ જુનિયર NTR





'દેવરા' કેમ હિટ ના થઈ? ઓડિયન્સ નેગેટિવ થઈ ગયું છેઃ જુનિયર NTR

જુનિયર એનટીઆરની સોલો ફિલ્મ દેવરાની પાન ઈન્ડિયા રિલીઝને ઠીક-ઠાક રિસ્પોન્સ મળ્યો છે. ૧૨ દિવસમાં રૂ.૨૫૩ કરોડના નેટ કલેક્શન સાથે આ ફિલ્મ પર ફલોપ થવાનું જોખમ નથી. જો કે જુનિયર એનટીઆરની બ્લોકબસ્ટર જેવી સફળતા મળવાની આશા ઠગારી નીવડી છે. 'દેવરા'ને મળી રહેલા મિક્સ રીવ્યૂ અંગે જુનિયર એનટીઆરનું માનવું છે કે, ઓડિયન્સ તરીકે આપણે નેગેટિવ થઈ ગયા છીએ અને ફિલ્મોની વધારે પડતી સમક્ષી કરીએ છીએ. જુનિયર એનટીઆરએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું હતું કે, આપણે હવે ફિલ્મોની નિર્દોષ મજા માણી શકતા નથી. આપણે સતત ફિલ્મોને જજ કરીએ છીએ. ફિલ્મો વિષે વધારે પડતું વિચારીએ છીએ અને તેની સમીક્ષાઓ કરીએ છીએ. ફિલ્મો માત્ર મનોરંજન માટે હોય છે, તે વાત ભૂલી જવાઈ છે. જુનિયર એનટીઆરને લાગે છે કે, ઓડિયન્સ પરિપક્વ બની રહ્યું છે અને તેને ઘણી બધી ખબર પડતી થઈ છે. કદાચ તેના કારણે પણ માનસિકતા બદલાઈ હોય. સમયની સાથે બધું બદલાય છે. એમ આ માનસિકતામાં પણ ક્યારેક પરિવર્તન આવશે તેવી આશા વ્યક્ત કરી હતી. પોતાના દીકરાઓ સાથે ઓડિયન્સની સરખામણી કરતાં જુનિયર એનટીઆરએ કહ્યું હતું કે, તેના બાળકો માત્ર ફિલ્મ જુએ છે અને બીજુ કંઈ વિચારતા નથી. ઓડિયન્સ આવો શુદ્ધ આનંદ ક્યારે ગુમાવી ચૂક્યું તે સમજાતું નથી. કદાચ સિનેમાની વધારે પડતી અસરના કારણે આ સ્થિતિ થઈ હશે. 'દેવરા'નું વર્લ્ડવાઈડ કલેક્શન રૂ.૫૦૦ કરોડની નજીક પહોંચ્યું છે. આ ફિલ્મમાં એનટીઆરની સાથે લીડ રોલમાં જાન્હવી કપૂરને રખાઈ હતી અને વિલનનો રોલ સૈફ અલીએ કર્યો હતો.

# આલિયા પર આફરિન સામંથા આ પેઢીની શ્રેષ્ઠ એક્ટ્રેસ ગણાવી



## સોશિયલ મીડિયા પોસ્ટ ઉપરાંત જાહેર કાર્યક્રમો દરમિયાન પણ બંને એક્ટ્રેસ વચ્ચેનું બોન્ડિંગ જોવા મળ્યું છે

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બે એક્ટ્રેસ વચ્ચે સારી મિત્રતા ન હોય તેવું દાયકાઓથી મનાય છે. બે એક્ટ્રેસને પરસ્પર દ્વેષ અને ઈર્ષા રહેતા હોય તેવી ઈમેજને ભૂંસી નાખવા નવી પેઢીની એક્ટ્રેસ પ્રયાસ કરતી છે. તાજેતરમાં સામંથા રૂથ પ્રભુએ આલિયા ભટ્ટના ચાર મોઢે વખાણ કર્યા છે અને આલિયાને હાલની પેઢીની શ્રેષ્ઠ એક્ટ્રેસ ગણાવી છે. સામંથાએ બુધવારે ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આલિયાની આગામી તેલુગુ ફિલ્મનું ટ્રેલર શેર કર્યુ હતું. સામંથાએ ટ્રેલરની સાથે આલિયા સાથે સ્ટેજ શેર કરતો પોતાનો ફોટોગ્રાફ પણ મૂક્યો હતો. સામંથાએ આપેલા કેપ્શને દરેકનું ધ્યાન ખેંચ્યુ હતું, જેમાં સાઉથની આ એક્ટ્રેસે બોલિવૂડ સ્ટાર માટે ચીયર લીડરનું કામ કર્યુ હતું. સામંથાએ પોતાની પોસ્ટમાં જણાવ્યુ હતું કે, આલિયા ભટ્ટ એક અને માત્ર એક જ છે. હાલની પેઢીની સૌથી મહાન એક્ટ્રેસ. સામંથાની આ પોસ્ટને અનેક લોકોએ વધાવી હતી. મહિલાઓ એકબીજાની ઈર્ષા કરવાના બદલે સપોર્ટ કરે તે બાબતે ખુશી વ્યક્ત કરવાની સાથે સોશિયલ મીડિયા યુઝર્સે બંને સ્ટાર્સને ક્વીન ગણાવી હતી. સોશિયલ મીડિયા પોસ્ટ ઉપરાંત જાહેર કાર્યક્રમો દરમિયાન પણ બંને એક્ટ્રેસ વચ્ચેનું બોન્ડિંગ જોવા મળ્યું છે. એક દિવસ પહેલાં હૈદરાબાદ ખાતે યોજાયેલી ઈવેન્ટમાં તેઓ એક બીજાની બાજુમાં બેઠા હતા અને ઉત્સાહપૂર્વક વાતો કરતા હતા. આલિયાએ સામંથાનું હિટ સોન્ગ ઉ અંટ્વા.. પણ ગાયુ હતું. આલિયાએ સામંથાને 'હીરો ઓન એન્ડ ઓફ સ્કિન' ગણાવી હતી.

### અભિનેત્રી દીકરીને આપ્યો જન્મ, શેર કરી ઇન્સ્ટા પોસ્ટ

# લગ્નના ત્રણ વર્ષ બાદ માતા બની સના

સના સૈયદે તેના પતિ ઈમાદ સાથેનું એક સુંદર પૉસ્ટર સોશિયલ મીડિયા પર શેર કર્યુ અને કહ્યું કે તેમના ઘરે દીકરીનો જન્મ થયો છે. લગ્નના ૩ વર્ષ બાદ આ દંપતીએ તેમના પ્રથમ બાળકનું સ્વાગત કર્યુ છે. જ્યારથી આ સમાચાર આવ્યા છે ત્યારથી ઈન્ડસ્ટ્રીના લોકો અને મિત્રો તેને અભિનંદન આપી રહ્યા છે. જ્યારથી આ સમાચાર આવ્યા છે ત્યારથી ઈન્ડસ્ટ્રીના લોકો અને મિત્રો તેને અભિનંદન આપી રહ્યા છે સના સૈયદે લખ્યું, 'બેબી ગર્લનું સ્વાગત છે, ૯.૧૦.૨૦૨૪ સના અને ઈમાદ. આ પૉસ્ટ જોઈને, કોઈપણ વ્યક્તિ કલ્પના કરી શકે છે કે લગ્નના ૩ વર્ષ પછી તેમના પ્રથમ બાળકનું



સ્વાગત કરવા માટે કપલ કેટલું ઉત્સાહિત હતું. સના સૈયદ પણ સોશિયલ મીડિયા પર તેના પતિ સાથેની કેટલીક તસવીરો શેર કરીને તેની પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી, જેમાં તેનો બેબી બમ્પ દેખાઈ રહ્યો હતો. અભિનેત્રીએ સફેદ સ્વેટર અને બ્લૂ ડેનિમ પહેરેલી તસવીરો પૉસ્ટ કરી હતી, જ્યારે અન્ય પૉસ્ટમાં તે બ્લેક બૉડીકોન ડ્રેસ પહેરેલી જોવા મળી હતી. ટીવી એક્ટ્રેસ સના સૈયદે પોતાની પ્રેગ્નન્સીના કારણે 'કુંડલી ભાગ્ય' છોડી દીધી છે. જો કે તેણે આ સમાચાર છુપાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ આ સમાચાર લીક થઈ ગયા અને જંગલની આગની જેમ ફેલાઈ ગયા. સનાએ પ્રેગનન્સીની અફવાઓ પર મૌન જાળવી રાખ્યું હતું અને સોશિયલ મીડિયા પર પણ સક્રિય રહી હતી કારણ કે દરેક તેની સત્તાવાર જાહેરાતની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. 'કુંડલી ભાગ્ય'માં સના સૈયદની જગ્યાએ અદ્રિજા રોય પાલકીની ભૂમિકામાં જોવા મળે છે. રસપ્રદ વાત એ છે કે શોમાં પ્રીતાનું પાત્ર ભજવનારી શ્રદ્ધા આર્ય પણ ગર્ભવતી છે અને ટૂંક સમયમાં માતા બનવા જઈ રહી છે. તાજેતરમાં જ તેની બેબી શાવર સેરેમની થઈ હતી.

### રતન ટાટાને શ્રદ્ધાંજલિ આપવા માટે

# એક્સ પત્ની કિરણ રાવ સાથે પહોંચ્યો આમિર

રતન ટાટાએ ગઈ કાલે આ દુનિયાને અલવિદા કહી દીધું. પ્રખ્યાત ઉદ્યોગપતિના નિધન પર ઉદ્યોગના તમામ ક્ષેત્રના દિગ્ગજોએ શોક વ્યક્ત કર્યો છે. મનોરંજન ઉદ્યોગના ઘણા સેલેબ્સે પણ બિઝનેસ ટાયકૂનના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. આમિર ખાન તેની પૂર્વ પત્ની કિરણ રાવ સાથે રતન ટાટાને અંતિમ વિદાય આપવા આવ્યા હતા.પીઢ ઉદ્યોગપતિ અને ટાટા સન્સના માનદ અધ્યક્ષ રતન ટાટાને સોમવારે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં બ્લડ પ્રેશરમાં અચાનક ઘટાડો થતાં અને તેમની સ્થિતિ નાજુક હોવાથી દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ બુધવારે રાત્રે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના પાર્થિવ દેહને નરીમાન પોઈન્ટ સ્થિત નેશનલ સેન્ટર ફોર ધ પરફોર્મિંગ આર્ટ્સ લૉનમાં રાખવામાં આવ્યો છે, અભિનેતા આમિર ખાન પણ તેમના અંતિમ દર્શન કરવા આવ્યા હતા. આ દરમિયાન આમિર ખાનની પૂર્વ પત્ની કિરણ રાવ પણ તેની સાથે જોવા મળી હતી.આ સમય દરમિયાન, આમિર ખાન ગ્રે કુર્તા અને કાળા પેન્ટમાં જોવા મળ્યો હતો, તેના ચહેરા પર ઘણી ઉદાસી દેખાતી હતી.આમિર ખાન તેમની સુરક્ષા સાથે રતન ટાટાને વિદાય આપવા આવ્યો હતો. આ દરમિયાન મીડિયા સાથે વાત કરતી વખતે આમિર ખાન અને કિરણ રાવ હાથ જોડીને શોક વ્યક્ત કરતા જોવા મળ્યા હતા.

# કઈ જાતિમાંથી આવે છે અમિતાભ?

## અમિતાભનો જન્મદિવસ ૧૧મી ઓક્ટોબરે છે, ૮૧ વર્ષની ઉંમરે પણ સતત કામ કરી રહ્યા છે

મેગાસ્ટાર અમિતાભ બચ્ચનને કોઈ પરિચયની જરૂર નથી. અમિતાભ બચ્ચન વર્ષોથી ઈન્ડસ્ટ્રીમાં સક્રિય છે અને તેમના ચાહકોનું મનોરંજન કરી રહ્યા છે. અમિતાભ પ ોતાની પ્રોફેશનલ અને પર્સનલ લાઈફમાં સારું બેલેન્સ જાળવી રાખે છે. ચાહકો તેમને પ્રેમથી બિગ બી કહે છે. પરંતુ શું તમે જાણો છો કે અમિતાભનું અસલી નામ અમિતાભ બચ્ચન નહીં પ રંતુ કંઈક બીજું છે?તમને જણાવી દઈએ કે અમિતાભ બચ્ચનના પિતા ઉત્તર પ્રદેશના હતા. તે કાયસ્થ પરિવારથી આવતા હતા અને માતા શીખ પરિવારમાંથી આવતા હતા. અમિતાભ બચ્ચનનું સાચું નામ ઈન્કલાબ શ્રીવાસ્તવ હતું, જે પછી બદલાઈ ગયું હતું.



અમિતાભ બચ્ચને તેમની અટક બદલી. તેમની અટક શ્રીવાસ્તવ હતી, જે બદલીને બચ્ચન કરવામાં આવી હતી. અમિતાભે પોતે આ વિશે વાત કરી હતી.કૌન બનેગા કરોડપતિમાં તેણે કહ્યું હતું કે બચ્ચન અટક તેના પિતા શ્રી હરિવંશ રાય બચ્ચનની ભેટ છે. અમિતાભે કહ્યું- મારા પિતા જાતિના બંધનમાં બંધાવા માંગતા ન હતા. તે મુક્ત રહેવા માંગતા હતા. કવિ હોવાને કારણે તેમની બચ્ચન અટક પડી. પછી જ્યારે હું એડમિશન માટે શાળામાં ગયો ત્યારે શિક્ષકે મારી અટક પૂછી અને મારા પિતાએ મને કહ્યું કે મારી અટક બચ્ચન છે. ત્યારથી બચ્ચન અટક શરૂ થઈ. તમે અમારી અટક પરથી જાતિ વિશે જાણી શકશો નહીં. એટલા માટે પિતાએ જાણી જોઈને આવું કર્યું. હું નસીબદાર છું કે હું આવા પરિવારમાં જન્મ્યો છું અને બચ્ચન અટક સાથે જન્મ્યો છું.વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, અમિતાભ બચ્ચન છેલ્લે ફિલ્મ કલ્કી ૨૮૯૮ એડીમાં જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં અમિતાભ અશ્વત્થામાના રોલમાં હતા.

# રતન ટાટાના નિધનથી ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ સિમી ગરેવાલ આઘાતમાં

## આખો દેશ દુર્ગા પૂજાની તૈયારી કરી રહ્યો છે, ત્યારે ૮૬ વર્ષની વયે આપણે મા દુર્ગાના સિંહને પણ ગુમાવ્યા

રતન ટાટાના આકસ્મિક અવસાનના સમાચારથી દેશભરમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. જ્યારે આખો દેશ દુર્ગા પૂજાની તૈયારી કરી રહ્યો છે, ત્યારે ૮૬ વર્ષની વયે આપણે મા દુર્ગાના સિંહને પણ ગુમાવ્યા છે, શ્રી રતન ટાટા, તેમના કાર્યને કારણે અને પરિવર્તન લાવવા માટે, રતન ટાટાએ લાખો હૃદયને સ્પર્શ કર્યો છે. જ્યારે સમગ્ર દેશ તેમના નિધનથી શોકમાં છે, ત્યારે તેમની જૂની મિત્ર અને ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ સિમી ગરેવાલ પણ તેમના નિધનથી દુઃખી છે. પીઢ અભિનેત્રીએ રતન ટાટા માટે આંસુ ભરેલી પોસ્ટ પણ શેર કરી છે.રતન ટાટાના નિધનના આઘાતજનક સમાચાર મળતા જ તેમને અલવિદા કહેવા લોકોનો ધસારો થયો હતો. સિમી ગરેવાલે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ X પર રતન ટાટા માટે એક નોટ





પણ લખી છે. જેમની સાથે તેમનો ઊંડો ઈતિહાસ છે. તેમને અંતિમ 'વિદાય' આપતા તેમણે લખ્યું, "તેઓ કહે છે કે તમે ગયા છો... તમારી ખોટ સહન કરવી ખૂબ જ મુશ્કેલ છે...ખૂબ મુશ્કેલ...વિદાય મારા મિત્ર...રતન ટાટા."૨૦૧૧માં ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં સિમીને રતન ટાટા સાથેના તેના સંબંધો વિશે પૂછવામાં આવ્યું હતું. આના પર સિમીએ સ્વીકાર્યુ હતું કે તેણી અને રતન ટાટાનો એક ઈતિહાસ છે. તેની પ્રશંસા કરતાં તેણીએ કહ્યું હતું કે, "રતન અને હું પાછા ફરીએ છીએ. તે પરફેક્શન છે, તેની પાસે રમૂજની સારી સમજ છે, તે નમ્ર અને સંપૂર્ણ સજ્જન છે. પૈસા ક્યારેય તેનું પ્રેરક બળ નથી રહ્યા. તે ભારતમાં એટલા સહજ નથી જેટલા વિદેશમાં છે." આ અઠવાડિયાની શરૂઆતમાં, રતન ટાટાના બીમાર હોવાની અફવાઓ ઈન્ટરનેટ પર ફેલાઈ હતી રંતુ તેમણે દાવાઓને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે તેમની વય-સંબંધિત પરિસ્થિતિઓને કારણે તે માત્ર નિયમિત તબીબી તપાસ હતી. તેમણે લોકોને તેમના સ્વાસ્થ્ય વિશે ખોટી માહિતી ન ફેલાવવાની અપીલ પણ કરી હતી. પરંતુ તેમના મૃત્યુના સમાચાર ૧૦ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ મળ્યા હતા. રતન ટાટાનું ૮૬ વર્ષની વયે મુંબઈની એક હોસ્પિટલમાં અવસાન થયું. અહેવાલો અનુસાર, તેમની હાલત ગંભીર હતી અને તેઓ ICUમાં હતા..

# હિના ખાનની ફરી બગડી તબિયત

## હિના ખાને લખ્યું, જેમ કે તમે બધા જાણો છો કે મને ખૂબ જ ન્યુરોપેથિક પીડા છે

હિના ખાન ટીવીથી લઈને બોલિવૂડ સુધી એક મોટું નામ બની ગઈ છે, પરંતુ હાલ આ દિવસોમાં તે પોતાની એક્ટિંગ કે કોઈ શોને કારણે નહીં પરંતુ તેની જીવલેણ બીમારીને કારણે ચર્ચામાં છે. હિનાએ એક પોસ્ટ શેર કરીને પોતાની સ્થિતિ જણાવી છે. તેણે જે કહ્યું તે સાંભળીને ચાહકોની આંખો પણ આંસુઓથી ભરાઈ ગઈ. તેણે કહ્યું છે કે તેની તબિયત દિનપ્રતિદિન ખરાબ થઈ રહી છે. આવી સ્થિતિમાં હિના સતત ઈવેન્ટ્સમાં ભાગ લઈ રહી છે. હાલમાં જ હિનાનો એક વીડિયો પણ સામે આવ્યો હતો જેમાં તે નીચે પડતાં બચી હતી. તેને એક્ટર કાર્તિક આર્યન સંભાળતો હતો. હવે ફરી એકવાર હિનાએ શેર કરેલી પોસ્ટ વાંચીને સોશિયલ મીડિયા પર ફેન્સ ચોંકી ગયા છે અને ખૂબ જ પરેશાન છે.હિના ખાન આ દિવસોમાં તેના બ્રેસ્ટ કેન્સર માટે કીમોથેરાપી લઈ રહી છે. તેની દવાઓના કારણે તેની તબિયત બગડી રહી છે. આવી સ્થિતિમાં હિના ખાને તેના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં અભિનેત્રીએ સાડી પહેરી છે. સાડી ભારે હોવાને કારણે હિના ખાન તેને પકડીને લિફ્ટ તરફ ઝડપથી દોડતી જોવા મળે છે. અભિનેત્રી લિફ્ટની અંદર પહોંચતા જ એક યુવતીએ પૂછ્યું કે સાડીની નીચે શું છે? છોકરીના સવાલના જવાબમાં હિના ખાન કહે છે કે તેણે જૂતું પહેર્યું છે, 'મેં મારા પગમાં જૂતું પહેર્યું છે. આજકાલ મારે આ સ્થિતિમાં કામ કરવું પડે છે. પરંતુ હું કામ કરીશું અને લડીશું.વીડિયો શેર કરતી વખતે હિના ખાને આગળ લખ્યું, "જેમ કે તમે બધા જાણો છો કે મને ખૂબ જ ન્યુરોપેથિક પીડા છે. મને ઊભા રહેવામાં તકલીફ થાય છે, પરંતુ સારવારથી મને કોઈ



સાડી ભારે હોવાને કારણે હિના ખાન તેને પકડીને લિફ્ટ તરફ ઝડપથી દોડતી જોવા મળે છે

આડઅસર થાય તે પહેલાં હું ઈવેન્ટ માટે હા કરી દીધી હતી.. આ જ કારણથી હું ના પાડી શકતી નથી. પહેલા મેં ના પાડી અને તેમના પૈસા પરત કરવાનું વિચાર્યુ. કારણ કે મારે સ્ટેજ પર દોઢ કલાક ઊભા રહેવાનું હતું. હું ખૂબ જ ડરી ગઈ હતી.આ ઘટના માટે, મેં મારી સારવારની આડ અસરો અંગે ઈવેન્ટમાં કામ કરવાની હા કહી દીધી હતી. સાચું કહું તો, શરૂઆતમાં હું આ ઈવેન્ટનો ઈનકાર કરવાની હતી. કારણ કે આ ઈવેન્ટ માટે મારે સ્ટેજ પર દોઢ કલાક ઊભા રહેવાનું હતું. હું ભગવાનનો આભાર માનું છું અને મને હિંમત આપે તે માટે હું પ્રાર્થના કરું છું. આ સાથે હિના ખાને નીના ગુપ્તાની દીકરી મસાબાની પણ માફી માંગી છે. હિનાએ પોસ્ટમાં કહ્યું છે કે તેણે સાડીનો લુક બગાડ્યો છે.

ઝાલોદ નગરમાં નવરાત્રીની રમઝટ વચ્ચે પોલિસની મહિલા સી.ટીમ સક્રિય

# કાયદો વ્યવસ્થા ન કથળે તે માટે લોકો વચ્ચે રહી સતત વોચ રાખી નજર રાખી રહેલ છે

### સામાન્ય જનતામા વાતાવરણ હળવું રહે તે માટે લોકો સાથે ગરબા ગ્રાઉન્ડમા ગરબા રમતી મહિલા સી.ટીમ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

ઝાલોદ નગરમાં ખૂબ સુંદર અને ઉત્સાહ ભેર વાતાવરણ વચ્ચે નવરાત્રીનો માહોલ રંગ લાવી રહેલ છે. નગરના લોકો તેમજ ખાસ કરીને મહિલાઓ નિર્ભયતા થી ગરબા રમે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સતત નગરનનુ પોલિસ તંત્ર અને મહિલા સી.ટીમ સતત પેટ્રોલીંગ કરી કાયદો વ્યવસ્થા જળવાઈ તેની પૂરતી તકેદારી રાખી રહેલ છે.

નગરના દરેક નવરાત્રીના ગરબા સ્થળે પોલિસ દ્વારા મહિલા સી.ટીમની પણ ગોઠવણ કરવામાં આવેલ છે. જે સતત મહિલાઓ વચ્ચે રહી રોમિયોગીરી કરતા લોકો પર નજર રાખી રહેલ છે. નવરાત્રી દરમિયાન દરેક મહિલાઓને પૂરતી સુરક્ષા મળી રહે તેની પૂરતી તકેદારી મહિલા સી.ટીમ રાખી રહેલ છે. નવરાત્રીના તહેવાર દરમ્યાન મહિલા સી.ટીમ મહિલાઓ સાથે વચ્ચે ગરબે રમી રોમિયોગીરી કરતા અસામાજિક તત્વો પર નજર રાખી રહેલ છે. કોઈ પણ અસામાજિક પ્રવૃત્તિ કરનારા માનસિક વિકૃતિ ધરાવનાર લોકોના મનસુબા પાર ન પડે તે માટે મહિલા સી.ટીમ નવરાત્રીમા ગરબા રમતી રમતી લોકો પર નજર રાખી રહેલ છે. પોલિસ દ્વારા વિશેષમા આ વખતે પોલિસ સ્ટાફના તમામ વર્ગના લોકો સાદા ડ્રેસમા રહી કાયદો વ્યવસ્થા જાળવવા તેમજ અસામાજિક તત્વોને પકડી કડક હાથે કાયદેસરની કાર્યવાહી કરી રહેલ છે. પોલિસ તંત્ર દ્વારા કરવામાં આવતી સુંદર કામગીરીને લઈ યુવતીઓ અને મહિલાઓ નિર્ભય રીતે ગરબે ઘૂમી રહેલ છે. નગરના ઝાલોદ ઝોનના ડી.વાય.એસ.પી પટેલ અને નગરના પી. આઈ રાઠવા વિવિધ ગરબા સ્થળોએ દરરોજ મુલાકાત લઈ ગરબા આયોજકો સાથે વાતચીત કરી નગરમાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેની પૂરતી તકેદારી રાખવામાં આવી રહેલ છે.

## ઝાલોદ તાલુકાના ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા લીમડી ડમપીંગ સાઈટની મુલાકાત કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

તારીખ ૧૧/૧૦/૨૦૨૪ શુક્રવારના રોજ સવારે ૧૨ કલાકે મળતી માહિતી મુજબ ઝાલોદ તાલુકાના ધારાસભ્ય મહેશ ભુરીયા દ્વારા લીમડી નગરમાં લોકોના પ્રશ્નને વાચા આપવા માટે તત્પર કામગીરી કરી રહ્યા છે. ત્યારે આજરોજ ધારાસભ્ય દ્વારા ડમપીંગ સાઈટની મુલાકાત કરવામાં આવી હતી. ધારાસભ્ય મહેશ ભૂરીયાએ ડમપીંગ સાઈટના સર્વે અંગે કામગીરી શરૂ કરાવવાના ચક્રો ગતિમાન કર્યા છે. આવનારા દિવસોમાં આ કચરા ના ઢગલાને અન્ય સ્થળે ખસેડી અને તે જમીન પર વિકાસલક્ષી કામગીરી કરવામાં આવશે. લીમડી ગ્રામ પંચાયત તલાટી અને વહીવટીદાર સહિત વિવિધ વિભાગના અધિકારીઓ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## ઝાલોદ તાલુકાના લીલવાઠાકોર ગામે માં ચંડી ચામુંડા માતાજી મંદિરે ખાંગુડા પરિવાર ધ્વારા અષ્ટમી હવન પુજા અર્ચના કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

ઝાલોદ તાલુકાના લીલવાઠા કોર ગામે માં ચંડી ચામુંડા માતાજીનું મંદિર પચ્ચીસ વર્ષ પહેલાં ખાંગુડા પરિવાર (રવિદાસ) સમાજ ધ્વારા બનાવવા મા આવ્યુ હતું ત્યાંર પછી ૨૦૧૭ માં ચંડી ચામુંડા માતાજી મંદિર નો જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો હતો ખાંગુડા સમાજ દર વર્ષે આસોસુદ નવરાત્રી ના અષ્ટમી હવન પુજા અર્ચના કરી ભંડારો (ભોજન સમારંભ) કરવામાં આવે છે અને ચૈત્રસુદ નવરાત્રી ઉત્સવ પણ ઉજવવામાં આવે છે જેમાં લીલવાઠાકોર ગ્રામજનો તેમજ આજુબાજુના ધર્મ પ્રેમીઓ માતાજી ના દર્શન કરી લ્હાવો લે છે. જેમાં લીલવાઠા કોર ખાંગુડા પરિવાર ધ્વારા દર વર્ષે સમાજ માંથી ચાર જોડાઓ ધ્વારા અષ્ટમી હવન પુજા અર્ચના કરવામા આવે છે આ વર્ષે લાભ લેનાર ખાંગુડા રૂગેશભાઈ રમણભાઈ, ખાંગુડા મુકેશભાઈ અંબુભાઈ, ખાંગુડા સુરેશભાઈ રમણભાઈ ,ખાંગુડા અમીચંદભાઈ છગનભાઈ ઓ ધ્વારા હવન પુજા અર્ચના કરવામાં આવી જેમાં આજનો ભોજન પ્રસાદ,ભંડારો નું આયોજન ખાંગુડા અંબુભાઈ મનસુખભાઈ તરફ થી કરવામાં આવેલ છે. તેમજ તમામે તમામ ખાંગુડા સમાજના સભ્યો હાજર રહી માતાજી નો નવરાત્રી અષ્ટમી હવન પુજા કરવામાં આવી અને સાંજે ઉત્સાહ ભેર માતાજી ના ગરબા ની રમઝટ જમાવી ખૈલાયાઓ એ ખુબ આનંદ લીધો.

## લીમડી લિટલ માસ્ટર ઇંગલિશ મીડીયમ સ્કૂલમા માર્શલ આર્ટ કરાટે પ્રથમ યેલ્લો બેલ્ટ પરીક્ષા સંપન્ન



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

તારીખ ૧૦ ઓક્ટોબર ગુરુવાર, લિટલ માસ્ટર ઈંગલિશ મેડીયમ સ્કૂલ મા આ વર્ષ થી કરાટે બ્લેક બેલ્ટ ડિપ્લોમાના લેકચર ગુજરાત માર્શલ આર્ટ કરાટે એન્ડ સ્પોર્ટ્સ એસોસિએશન વાળો ઈન્ટરનેશનલ કરાટે દ્વારા ચલાવામાં આવે છે, જેના (WIKF) ઈન્ડિયા ના વાઈસ પ્રેસિડેનટ ગુજરાત ચિફ એક્ષામીનર સૈયદ ડૉ નિઝામુદીન કાઝી દ્વારા લેવામા આવી અને વિદ્યાર્થીઓ એ ખુબ સરસ પ્રદર્શન કર્યુ આ વિધાર્થીયોને કરાટે તાલીમ એસોસિએશનના બ્લેક બેલ્ટ ઉમેશ મહાવર દ્વારા આપવામાં આવી છે, ડૉ નિઝામુદીન સર એ આસોસાયસ તરફ થી શાળા ના આચાર્ય મિત્તલ શર્મા, ટ્રસ્ટી અમિત દેવડા તતા સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

## લીમડી લિટલ માસ્ટર ઇંગલિશ મીડીયમ સ્કૂલમા માર્શલ આર્ટ કરાટે પ્રથમ યેલ્લો બેલ્ટ પરીક્ષા સંપન્ન

। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગ સ્વરૂપે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ ગ્રામ્ય દ્વારા જિલ્લાની શાળાઓમાં 'ગુજરાતની વિકાસગાથા' થીમ પર આધારિત ચિત્ર સ્પર્ધા અને સાંસ્કૃતિક કાર્યક્રમ તરીકે નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચિત્ર સ્પર્ધામાં જિલ્લાની શાળાઓના ૨૫૩૪ વિદ્યાથી-ઓએ ભાગ લીધો હતો. શાળાના વિદ્યાર્થીઓએ ગુજરાતની વિકાસગાથા પર આધારિત અલગ અલગ ચિત્રો રજૂ કર્યા હતા તેમજ વિદ્યાર્થીઓને ગુજરાતની વિકાસગાથા પર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

સાંસ્કૃતિક કાર્યક્રમ તરીકે જિલ્લાની શાળાઓમાં યોજાયેલા નાટક કાર્યક્રમોમાં ૧૧૪૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને નાટકના માધ્યમથી ગુજરાતનો સાંસ્કૃતિક વારસો અને વિકાસગાથા રજૂ કરી હતી.

## ઝાલોદ કે.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના યજમાન પદે ઇન્ટર કોલેજ કબડ્ડી ભાઈઓની સ્પર્ધા યોજાઈ

### શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા આયોજિત કબડ્ડી સ્પર્ધામા કુલ ૨૩ કોલેજની ટીમોએ ભાગ લીધો




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

ગુજરાતની શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા ઈન્ટર કોલેજ કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનના ભાગ રૂપે યુનિવર્સિટી ઈન્ટર કોલેજની કુલ ૨૩ ટીમો દ્વારા સ્પર્ધામાં ભાગ લેવામાં આવ્યો હતો. આ કબડ્ડી સ્પર્ધાનું યજમાન પદ શ્રી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કબડ્ડી સ્પર્ધાનુ આયોજન બે દિવસનું રાખવામાં આવ્યું હતું.

તારીખ ૧૦-૧૦-૨૦૨૪ ગુરુવારના રોજ સવારે ૧૦ કલાકે શ્રી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના ગ્રાઉન્ડમા આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું આયોજનના ભાગ રૂપે દરેક ટીમોનુ શાબ્દિક સ્વાગત, ઉપસ્થિત મહેમાનોનનુ સ્વાગત, દિપ પ્રાગટ્ય સાથે આ કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં તારીખ ૧૦-૧૦-૨૦૨૪ ના રોજ ૨૩ ટીમો માંથી ચાર ટીમો સેમિફાઈનલમાં આવી હતી આ સેમિફાઈનલ અને ફાઈનલ તારીખ ૧૧-૧૦-૨૦૨૪ શુક્રવારના રોજ યોજાઈ હતી ચાર સેમિ ફાઈનલ ટીમોમાંથી ઝાલોદ અને લુણાવાડાની ટીમ વચ્ચે ફાઈનલ યોજાઈ હતી. ઝાલોદ અને લુણાવાડા વચ્ચે યોજાયેલ આ કબડ્ડી સ્પર્ધા ખૂબ રોમાંચક હતી આ રોમાંચક સ્પર્ધામાં બંને ટીમોએ ખૂબ સુંદર પ્રદર્શન કર્યું હતું. આ રોમાંચક અને ઉતાર ચઢાવની વચ્ચે ઝાલોદ કોલેજની ટીમ વિજેતા બની હતી. ઝાલોદ કોલેજની કબડ્ડી ટીમ વિજેતા બનતા ટીમના કોચ બહાદુરસિંહ ગોહિલને ઉંચકી વિજય ઉત્સવ મનાવી ટીમ નાચતા ઝૂમતા જોવા મળી હતી અને દરેક પ્રેક્ષકોએ આ વિજય ઉત્સવને વધાવી લેતા એક જ ચાલે ઝાલોદ ચાલેના ટીમલીની ધૂન ગ્રાઉન્ડમાં ગુંજતી હતી. છેલ્લે બંને ટીમોને ટ્રોફી અને વિજેતા ઈનામોથી સન્માનવામા આવ્યા હતા.

## ઝાલોદ નગરનમા નવરાત્રીના પવિત્ર દિવસોમાં આઠમ અને નોમના હોમ હવન અને વિશેષ પૂજા યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

ઝાલોદ નગરમાં હિન્દુઓની આસ્થાનું પ્રતિક અને માતાજીના સહુથી પૌરાણિક મંદિરો મહાકાળી મંદિર અને ખોડિયાર માતાના મંદિરે નવરાત્રીના દિવસોમાં દરરોજ વિશેષ રીતે માતાની આરતી પૂજા અને ગરબા યોજાઈ રહેલ છે. આસો સુદ એકમ ૦૩-૧૦-૨૦૨૪ થી નવરાત્રીનો પ્રારંભ થયેલ છે. નવરાત્રી એટલે માતાના નવ દિવસોમાં માતાની વિશેષ પૂજા કરવાના દિવસો. આમ તો નવરાત્રીના નવે નવ દિવસો અતિ પવિત્ર અને પાવન છે જેમાં માતાજીની ભક્તિ અને પૂજા કરવાનો વિશેષ લ્હાવો મળે છે. તેમાં પણ નવરાત્રીની આઠમ અને નોમની પૂજા દરેક હિન્દુ પરિવારોમાં થાય છે અને આ પૂજા કરી નવ કન્યાઓની પૂજા કરી તેમને પ્રસાદી સ્વરૂપે માતાજીનો ભોગ ધરવામાં આવે છે. આ વખતે આસો સુદ આઠમ અને નોમ તારીખ ૧૧-૧૦-૨૦૨૪ શુક્રવારના દિવસે આવી રહેલ છે. જેથી આ દિવસે નગરના પૌરાણિક મંદિરો એવા મહાકાળી મંદિર અને ખોડિયાર માતાના મંદિરે નગરજનો માતાજીના આશીર્વાદ લેવા અચૂક લેવા જતા હોય છે. આજના દિવસે માતાજીની વિશેષ પૂજા આરતી તેમજ હોમ હવન પણ મંદિરોમાં યોજાય છે જેનો લાભ નગરજનો મોટા પ્રમાણમાં લઈ ધન્ય બને છે. છેલ્લે માતાજીના આશીર્વાદ લઈ માતાજીના નવ દિવસમાં માતાજીની સેવા કરવાનો વિશેષ આનંદ ભક્તિ કરતા ભક્તજનો કરતા હોય છે.

## કેદારનાથ-બદ્રીનાથ સહિત ચારેય ધામોના દર્શન શિયાળાની ઋતુ માટે બંધ રહેશે

। કેદારનાથ, તા.૧૧ ।

ચારધામ યાત્રાની અંતિમ તારીખોની જાહેરાત શરૂ થઈ ગઈ છે. કેદારનાથ-બદ્રીનાથ સહિત ચારેય ધામોના દર્શન શિયાળાની ઋતુ માટે બંધ રહેશે. ઉત્તરકાશી જિલ્લામાં સ્થિત ગંગોત્રી ધામના દરવાજા બંધ કરવાની તારીખ આજે શુક્રવારે જાહેર કરવામાં આવી છે. શારદીય નવરાત્રીની નવમી તારીખે ગંગોત્રી ધામના યાત્રી પુજારીઓએ દ્વાર બંધ કરવાની તારીખ નક્કી કરી હતી. ગંગોત્રી ધામના દર્શન ૨જી નવેમ્બરના રોજ બપોરે ૧૨:૧૪ કલાકે અભિજીત મુહૂર્તમાં બંધ કરવામાં આવશે. આ પછી દેશ-વિદેશથી આવતા ભક્તો મા ગંગાના શિયાળુ રોકાણ મુખબા ગામમાં મા ગંગાના દર્શન કરી શકશે. જ્યારે બીજા દિવસે ૩જી નવેમ્બરે યમુનોત્રી ધામના દર્શન ભક્તો માટે બંધ રહેશે. શુક્રવારે, શારદીય નવરાત્રીના નવમા દિવસે, ગંગોત્રી મંદિર સમિતિ અને તીર્થ પુરોહિતે ગંગોત્રી ધામના દર્શન બંધ કરવા માટે તારીખ અને શુભ સમયની જાહેરાત કરી હતી. નિયત સમય અનુસાર, ૨જી નવેમ્બરે ભક્તો માટે દર્શન આગામી ૬ મહિના માટે બંધ રહેશે. દર્શન બંધ થયા પછી, માતા ગંગાની ઉત્સવની શોભાયાત્રા તેમના માતૃસ્થાન મુખીમઠ એટલે કે મુખબા માટે રવાના થશે.

## આતરસુંબા ખાતે નવિન "વેદ ક્લિનિક"નો ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા સાહેબના વરદ હસ્તે શુભારંભ કરાયો

। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૧૧ ।

આજ રોજ આતરસુંબા મુખ્ય બજાર ખાતે કપડવંજના લોકપ્રિય ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા સાહેબના વરદ હસ્તે ડૉ. વિમલસિંહ પ્રતાપસિંહ સોલંકીના નવિન 'વેદ ક્લિનિક' નો શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે જિલ્લા મંત્રી ધૂળસિંહ સોલંકી, તાલુકા પ્રમુખ શ્રી ગણપતસિંહ રાઠોડ, જિલ્લા બક્ષીપંચ મોર્ચાના કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા, પૂર્વ પ્રમુખ શ્રી મૂળરાજસિંહ સોલંકી, તાલુકા ભાજપ મંત્રી એડવોકેટ શ્રી પ્રવિણસિંહ સોલંકી વાઘાવત સહિત ખૂબ મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા



# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે? નિકટનું સ્વજન વધુ ધ્યાન માગી શકે છે, જો કે આ બાબત મદદરૂપ અને તમારી દરકાર કરનારૂં પુરવાર થશે. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે. અનુભવી લોકો સાથે આજે જોડાણ કરજો અને તેઓ શું કહે છે તેમાંથી શીખો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. બાળકો તમારૂં ધ્યાન માગે છે પણ બદલામાં ખુશીઓ આપે છે. આજે તમને તમારા મિત્રની ગેરહાજરીમાં તેની સુવાસ વર્તાશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમે જાણતા હો એવા લોકો પર જો આજે તમે કોઈપણ નિણર્ણય થોપવાનો પ્રયાસ કરશો-તો તમે તમારા હિતોને જ નુકસાન કરશો-ધીરજપૂર્વક પરિસ્થિતિ સાથે કામ લેવું એ એકમાત્ર બાબત જ તમને અનુકુળ પરિણામો તરફ દોરી જશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. તમારા એકધારા સમયપત્રકમાંથી સમય કાઢી મિત્રો સાથે બહાર જવાની જરૂર છે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે. કામના સ્થળે તમે મોટા લાભ મેળવશો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષય આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.

**મકર (ખ,જ) :**

આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. તમારા માતા-પિતાની તબિયત ચિંતા તથા બેચેની જન્માવશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે સફળતાભર્યો દિવસ કેમ કે લાંબા સમયથી જેની વાટ જોવાતી હતી.






લાઓસમાં વિયેન્ટિઆન ખાતે પૂર્વ એશિયા સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી થાઇલેન્ડના વડાપ્રધાન સુશ્રી પેટોંગટાર્ન શિનાવાત્રાને મળ્યા.

## ન્યૂઝ બ્રિફ

### મારે EVMની બેટરીવાળો મોબાઈલ ફોન જોઈએ છે : કોંગી નેતા ઉદિત

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૧ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો આવ્યા બાદ હાર અને જીતના મુદ્દે ચર્ચા ચાલુ છે. આ દરમિયાન કોંગ્રેસને મળેલી હાર પર પાર્ટીના નેતા હવે ઈવીએમને લઈને સવાલ ઊભા કરી રહ્યાં છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા ઉદિત રાજે ગુરુવારે ઈવીએમ પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસ નેતા ઉદિત રાજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, 'મારે ઈફ્સ્ની બેટરીવાળો મોબાઈલ ફોન જોઈએ છે. જે આખો દિવસ કામ કરતો રહે અને પછી બે દિવસ બાદ પણ ૯૯% બેટરી રહે. કિંમતની ચિંતા નથી. માહિતી આપનારને કમિશન આપવામાં આવશે.' આ પહેલા ઉદિત રાજે બુધવારે ભાજપ પર નિશાન સાધ્યુ હતું.

### ભારતમાં લેબેનોનના રાજદૂતને મહાત્મા ગાંધી યાદ આવ્યા

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૧ ।

ઈઝરાયેલ દ્વારા હસન નસરલ્લાહના અનુગામીઓની હત્યાને પગલે ભારતમાં લેબેનોનના એમ્બેસેડર રેબી નાર્શને મહાત્મા ગાંધીની યાદ આવી છે. તેમણે જણાવ્યું હતું કે, હિઝબુલ્લા કાનૂની રાજકીય પક્ષ છે. જેને લોકોનું સમર્થન છે. તેને નાબૂદ નહીં કરી શકાય. નાર્શે જણાવ્યું હતું કે, "તમે ક્રાંતિકારીને મારી શકો, પણ ક્રાંતિને અટકાવી ન શકો. તમે હિઝબુલ્લાના નેતાઓને ખતમ કરી શકો પણ હિઝબુલ્લાનો ખાતમો નહીં કરી શકો. કારણ કે તે લેબેનોનમાં પેરાશુટથી આવેલું કોઇ કાલ્પનિક માળખું નથી. તે સંગઠન લોકોનું બનેલું છે.

### હેરી બ્રુકે ત્રેવડી સદી ફટકારી તોડ્યો સહેવાગનો રેકોર્ડ

। (એજન્સી) મુલતાન, તા.૧૧ ।

૨૫ વર્ષીય ઈંગ્લેન્ડ ટીમના ખેલાડી હેરી બ્રુકે પાકિસ્તાન સામે મુલતાનના મેદાન પર રમાઈ રહેલી ત્રણ મેચની ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચમાં ત્રેવડી સદી ફટકારી હતી અને ૨૦૦૪માં આ મેદાન પર વીરેન્દ્ર સેહવાગના ૩૦૯ રનના રેકોર્ડને તોડી નાખ્યો હતો. આ મેચમાં હેરી બ્રુક બેટિંગ કરવા આવ્યો ત્યારે ઈંગ્લેન્ડની ટીમે ૨૪૯ના સ્કોર પર ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારબાદ તેણે જો રૂટ સાથે મળીને ચોથી વિકેટ માટે ૪૫૪ રન બનાવીને ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી દીધી. હેરી બ્રુકે તેની ટેસ્ટ કારકિર્દીની પ્રથમ ત્રેવડી સદી માત્ર ૩૧૦ બોલમાં ફટકારી હતી.

૯ લોકોનાં મોત । ૩૦ લાખથી વધુ લોકોને અંધારપટમાં રહેવાની ફરજ પડી છે

# મિલ્ટન વાવાઝોડાએ ફ્લોરિડાને ઘમરોળ્યું

### લાખો લોકો અંધારપટમાં, અનેક ગુમ, તોફાનને કારણે કેટલાક વિસ્તારોમાં ૧૮ ઇંચ સુધી વરસાદ

। ટેમ્પા, તા.૧૧ ।

વાવાઝોડું મિલ્ટને અમેરિકાના ફ્લોરિડામાં ભારે તારાજી સર્જી છે. ભારે વરસાદ અને પવન સાથેના તોફાનથી ૯ લોકોના મૃત્યુ થયા છે. ગુરુવારે હરિકને એટલાન્ટિક મહાસાગરમાં સમાઈ ગયું હતું. જોકે, એ પહેલાં તેણે ભારે વિનાશ સર્જ્યો હતો. આને કારણે ૩૦ લાખથી વધુ લોકોને અંધારપટમાં રહેવાની ફરજ પડી છે. ટેમ્પાને હરિકેનની સીધી અસર થઈ છે. તોફાનને કારણે કેટલાક ભાગોમાં ૧૮ ઇંચ વરસાદ થયો હતો.



ગવર્નર રોન ડિસેન્ટિસે જણાવ્યું હતું કે, "તોફાનની સૌથી વિનાશક અસર સારાસોટા શહેર પર થઈ હતી. દિવસ પસાર થતાની સાથે હરિકેને નોતરેલા વિનાશની વ્યાપક માહિતી મળશે. તોફાન ભયાનક હતું, પણ તે ધારણા જેટલું ઘાતક ન હતું." ગુરુવારે સવારે અધિકારીઓએ જણાવ્યું હતું કે, જોખમ હજુ પસાર થયું નથી. ફ્લોરિડાના પૂર્વ-મધ્ય ભાગના વિસ્તારોમાં તોફાન વધવાની ચેતવણી અપાઈ હતી. ઉપરાંત, જ્યોર્જિયાના ઉત્તર ભાગ અને દક્ષિણ કેરોલિનામાં પણ લોકોને હરિકેનથી સાવચેત કરાયા હતા.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ફ્લોરિડાના હિલ્સબરો, પિનેલાસ, સારાસોટા અને લી સહિતના વિસ્તારોને ભારે અસર થઈ હતી. અહીંના લોકોને ઘરમાં રહેવાની ચેતવણી આપવામાં આવી હતી. ઉપરાંત, વીજકાપ, માર્ગ પર વૃક્ષો ધરાશાયી થવા, પુલ બ્લોક થવા અને પૂર અંગે પણ લોકોને સાવચેત કરાયા હતા.હિલ્સબર્ગ કાઉન્ટીના શેરિફ ચેડ ક્રોનિસ્ટરે જણાવ્યું હતું કે, "બહાર નીકળવું સુરક્ષિત બનશે ત્યારે અમે તમને જાણ કરીશું." દરમિયાન તોફાનને કારણે ફ્લોરિડાના ઘણા મોટા વિસ્તારમાં અંધારપટ છવાયો હતો. ૩૨ લાખથી વધુ ઘર અને બિઝનેસ વીજળી વગર રહ્યા હતા. સેન્ટ પીટર્સબર્ગના રહીશોને ઘરના નળમાં પાણી મળ્યું ન હતું. પાણીની મુખ્ય પાઈપલાઈન તૂટી જવાથી સેવાઓ ખોરવાઈ હતી. મેયર કેન વેલ્ચે લોકોને લાંબા સમય સુધી વીજકાપ માટે તૈયાર રહેવા જણાવ્યું હતું. ટેમ્પામાં ઘણા સ્થળે ભારે વરસાદ થયો હતો. બુધવારે સવારે હરિકેન મિલ્ટનના 'લેન્ડફોલ' પહેલાં ભારે વરસાદ અને તોફાનથી દક્ષિણ ફ્લોરિડામાં તારાજી સર્જાઈ હતી. ફ્લોરિડાના એટલાન્ટિક કિનારે આવેલા સ્પેનિશ લેક્સ કાઉન્ટી ક્લબને ભારે નુકસાન થયું હતું. અનેક સ્થળોએ ૨૮ ફુટ ઊંચા મોજા ઉઠ્યા હતા. ભારે પવન અને વરસાદને કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

### દિલ્હીમાં ૨૦૦૦ કરોડનું કોકેઈન જપ્ત કરવામાં આવ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલને નશીલા પદાર્થો વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા અભિયાનમાં ફરી મોટી સફળતા મળી છે. રમેશ નગર વિસ્તારમાં એક ગોડાઉનમાંથી પોલીસે ૨૦૦૦ કરોડની કોકેઈન જપ્ત કરી છે. લગભગ ૨૦૦ કિલો ડ્રગ્સ પોલીસના હાથે લાગ્યા છે. એક અઠવાડિયાની અંદર દિલ્હી પોલીસને મળેલી આ બીજી મોટી સફળતા છે. ગયા અઠવાડિયે મહિપાલપુરથી ૫૬૦ કિલોગ્રામ કોકેઈન જપ્ત કરવામાં આવી હતી, જેની કિંમત લગભગ ૫૦૦૦ કરોડ રૂપિયા હતી. આ જ ૫૦૦૦ કરોડના ડ્રગ્સ કેસમાં દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે સિન્ડિકેટ સાથે જોડાયેલા સાતમા આરોપીની ધરપકડ કરી છે. આરોપીનું નામ અખલાખ છે જે યુપીના હાપુડનો રહેવાસી છે. અખલાખની પૂછપરછ બાદ જ સ્પેશિયલ સેલે દિલ્હીના રમેશ નગરમાં દરોડો પાડીને ૨૦૦ કિલો કોકેઈન જપ્ત.

લાઓસમાં આસિયાન નેતાઓને સંબોધન

# પ્રાદેશિક સંગઠન સાથેના સંબંધો એશિયાના ભવિષ્યને માર્ગદર્શન આપવા મહત્વપૂર્ણ : મોદી

### આસિયાન-ભારત અને પૂર્વ એશિયા શિખર સંમેલનમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાની બે દિવસીય યાત્રા માટે લાઓસ પહોંચ્યા છે

। વિએન્ટિઆન, તા.૧૧ ।

લાઓસમાં ૨૧મી ભારત અને આસિયાન શિખર સંમેલનને સંબોધન કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ભારત અને આસિયાન વ્યાપક ભાગીદારીને મજબૂત કરવા માટે ૧૦-પોઈન્ટ યોજનાની જાહેરાત કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રાદેશિક સંગઠન સાથેના સંબંધો એશિયાના ભવિષ્યને માર્ગદર્શન આપવા માટે મહત્વપૂર્ણ છે. મોદીએ ભાગીદારીની વધુ આર્થિક સંભાવનાનો ઉપયોગ કરવા માટે માલસામાનના વેપારના કરારની સમીક્ષાની પણ જાહેરાત કરી હતી. મલેશિયા, થાઈલેન્ડ, બ્રુનેઈ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, વિયેતનામ, લાઓસ અને સિંગાપોર સહિતના આસિયાન રાષ્ટ્રોના નેતાઓને



સંબોધતા વડાપ્રધાને જણાવ્યું હતું કે હું માનું છું કે ૨૧મી સદી ભારત અને આસિયાન દેશોની સદી છે. ભારત તેની એક્ટ ઈસ્ટ પોલિસીની ૧૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે, આ નીતિએ ભારત અને આસિયાન રાષ્ટ્રો વચ્ચેના ઐતિહાસિક સંબંધોને નવી ઊર્જા, દિશા અને ગતિ આપી છે.સમિટ પછી એક્સ પર એક પોસ્ટમાં મોદીએ જણાવ્યું હતું કે ભારત-આસિયાન સમિટ ફળદાયી રહી છે. અમે ભારત અને આસિયાન વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કેવી રીતે કરવી તે અંગે ચર્ચાવિચારણા કરી હતી. ભારત-આસિયાન ભાગીદારીને વધુ મજબૂત કરવા માટેની ૧૦-પોઈન્ટની યોજનામાં વર્ષ ૨૦૨૫ને આસિયાન-ભારત પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું, નાલંદા યુનિવર્સિટીમાં શિષ્યવૃત્તિઓની સંખ્યા બમણી કરવી અને ભારતની કૃષિ યુનિવર્સિટીઓમાં આસિયાન દેશોના વિદ્યાર્થીઓ માટે નવી ગ્રાન્ટનો સમાવેશ થાય છે. વડાપ્રધાન મોદીએ યૂથ સમિટ, સ્ટાર્ટ-અપ ફેસ્ટિવલ, હેકાથોન, મ્યુઝિક ફેસ્ટિવલ, આસિયાન-ઈન્ડિયા નેટવર્ક ઓફ થિંક-ટેન્ક્સ અને દિલ્હી ડાયલોગ સહિતના કાર્યક્રમો મારફત એક્ટ ઈસ્ટ પોલિસીના દાયકાની ઉજવણી કરવાની પણ જાહેરાત કરી હતી. મોદીએ આસિયાન-ઈન્ડિયા વુમન સાયન્ટિસ્ટ કોન્ક્લેવનું આયોજન કરવાની પણ જાહેરાત કરી હતી.

દેશની લોકતાંત્રિક વ્યવસ્થા અને આંતરિક સુરક્ષા માટે ગંભીર ખતરો છે

# ભારત સરકારે હિઝબ-ઉત-તહરિર જૂથને આતંકવાદી સંગઠન જાહેર કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારત સરકારે વૈશ્વિક ઈસ્લામિક કટ્ટરપંથી જૂથ હિઝબ-ઉત-તહરિરને પ્રતિબંધિત સંગઠન જાહેર કર્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ગુરુવારે આની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે હિઝબુત તહરિરનું લક્ષ્ય જેહાદ દ્વારા લોકતાંત્રિક સરકારને હટાવીને ભારત સહિત વૈશ્વિક સ્તરે ઈસ્લામિક દેશ અને ખિલાફતની સ્થાપના કરવાનો છે. મંત્રાલયે પોતાના આદેશમાં કહ્યું હતું કે હિઝબ-ઉત-તહરિર ભારતની લોકતાંત્રિક વ્યવસ્થા અને આંતરિક સુરક્ષા માટે ગંભીર ખતરો છે. HUT વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ, સુરક્ષિત એપ્સનો ઉપયોગ કરીને અને 'દાવાહ' (આમંત્રણ) સભાઓ યોજીને યુવાનોને આતંકવાદી પ્રવૃત્તિઓમાં



જોડાવા માટે પ્રોત્સાહિત કરીને આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યું છે. આ દેશની લોકતાંત્રિક વ્યવસ્થા અને આંતરિક સુરક્ષા માટે ગંભીર ખતરો છે. મંત્રાલયે પોતાના આદેશમાં કહ્યું હતું કે હિઝબ-ઉત-તહરિર ભારતની લોકતાંત્રિક વ્યવસ્થા અને આંતરિક સુરક્ષા માટે ગંભીર ખતરો છે, જૂથને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭ હેઠળ પ્રતિબંધિત સંગઠન જાહેર કરતાં, સૂચનામાં કહેવામાં આવ્યું છે કે, કેન્દ્ર સરકારનું માનવું છે કે હિઝબ-ઉત-તહરિર આતંકવાદમાં સામેલ છે.

ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે સતત તણાવ

# ઈઝરાયલે સતત એર સ્ટ્રાઈક કરીને હિઝબુલ્લાહની કમર તોડી નાખી

### હસન નસરલ્લાહ અને હાશિમ સફીદીન ફૈદ શુકર સહિત અત્યાર સુધીમાં હિઝબુલ્લાહના ૧૧ કમાન્ડર ઠાર થયા છે

। (એજન્સી) જેરૂસાલેમ, તા.૧૧ ।

ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે. ઈઝરાયલે સતત એર સ્ટ્રાઈક કરીને હિઝબુલ્લાહની કમર તોડી નાખી છે. હસન નસરલ્લાહ, હાશિમ સફીદીન ફૈદ શુકર સહિત અત્યાર સુધીમાં હિઝબુલ્લાહના ટોચના ૧૧ કમાન્ડર ઠાર થઈ ચૂક્યા છે.

ઈઝરાયલના આ હુમલાએ હિઝબુલ્લાહના બીજા લડાકુઓનું મનોબળ પણ તોડી નાખ્યું છે. હવે આ વચ્ચે લડવૈયાઓની આશા હિઝબુલ્લાહના ત્રણ ટોપના કમાન્ડર્સ પર છે. આ ટોપના ત્રણ કમાન્ડર હાલમાં ક્યાં છે અને તેમની આગળની પ્લાનિંગ



શું છે તેની કોઈને ખબર નથી. આ ત્રણ કમાન્ડર્સના નામ નઈમ કાસીમ, તલાલ હામિહ અને અબુ અલી રીદા. શેખ નઈમ કાસિમને ૧૯૯૧માં હિઝબુલ્લાહના જનરલ સેક્રેટરી અબ્બાસ અલ-મુસાવીએ ડેપ્યુટી લીડર નિયુક્ત કર્યો હતો. તમને જણાવી દઈએ કે, આગલા વર્ષે જ અલ-મુસાવીના કાફલા ને ૧૯૯૨માં ઈઝરાયેલી અપાચે હેલિકોપ્ટરને નિશાન બનાવ્યું હતું જેમાં તેનું મોત થઈ ગયું હતું. ત્યારબાદ નસરલ્લાહે કમાન સંભાળી પરંતુ નઈમ કાસિમ પોતાની ભૂમિકામાં બન્યો રહ્યો. ગત વર્ષે કાસિમે ઈઝરાયલ સાથે તણાવ ઉપર વિદેશી મીડિયાને ઈન્ટરવ્યૂ પણ આપ્યું હતું. તલાલ હામિહને તલાલ હોસ્ની હામિહ, ઈસ્મત મજરાની અથવા અબુ જાફર તરીકે પણ ઓળખવામાં આવે છે. તે હિઝબુલ્લાહની બાહ્ય કામગીરીનો ઈન્ચાર્જ છે, જેને યુનિટ ૯૧૦ના નામથી પણ ઓળખવામાં આવે છે, જે સમગ્ર વિશ્વમાં ગુપ્ત અભિયાનોની દેખરેખ રાખે છે. તલાલ હામિહને હિઝબુલ્લાહની પ્રથમ પેઢીનો ભાગ માનવામાં આવે છે, તે ૧૯૮૦ના દાયકાના મધ્યમાં સંગઠનમાં જોડાયો હતો.

સંપત્તિમાં $27.5 અબજનો વધારો

# ભારતના ધનકુબેરોમાં મુકેશ અંબાણી ફરી મોખરે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।


રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને એમડી મુકેશ અંબાણીએ ભારતના ટોપ-૧૦૦ ધનકુબેરોમાં ફરી એક વખત મોખરાનું સ્થાન મેળવ્યું છે. ફોર્બ્સે જાહેર કરેલી યાદી મુજબ એક વર્ષમાં તેમની સંપત્તિ ૨૭.૫ અબજ ડોલર વધી છે. અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણી બીજા ક્રમે રહ્યા છે. મુકેશ અંબાણીની કુલ સંપત્તિ વધીને ૧૧૯.૫ અબજ ડોલર થઈ છે, જે તેમને દેશના સૌથી ધનાઢ્ય વ્યક્તિ બનાવે છે. ઉપરાંત, ડોલરની રીતે ૨૦૨૪માં સંપત્તિની વૃદ્ધિમાં તે બીજા ક્રમે રહ્યા છે. અંબાણીએ વિશ્વના ધનકુબેરોની યાદીમાં ૧૩મું સ્થાન મેળવ્યું છે. ઉલ્લેખનીય છે કે, અંબાણીએ તાજેતરમાં રોકાણકારોને 'દિવાળી ગિફ્ટ' તરીકે બોનસ શેર આપવાની જાહેરાત કરી છે. ભારતના 'રિચ લિસ્ટ'માં મુકેશ અંબાણી પછી અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણી બીજા સ્થાને રહ્યા છે. ૨૦૨૪ના લિસ્ટમાં તેમની સંપત્તિમાં સૌથી મોટો ઉછાળો નોંધાયો છે. તેમની સંપત્તિ ૪૮ અબજ ડોલરની વૃદ્ધિ સાથે ૧૧૬ અબજ ડોલરે પહોંચી છે. આ સાથે ૨૦૨૩માં હિંડનબર્ગ વિવાદ પછી અદાણીની સંપત્તિમાં મોટી રિકવરી નોંધાઈ છે.ભારતના ધનાઢ્યો માટે ચાલુ વર્ષ સીમાચિહ્નરૂપ રહ્યું છે. દેશના ટોપ-૧૦૦ સંપત્તિવાન લોકોની નેટ વર્થ પહેલી વખત ૧ ટ્રિલિયન ડોલરને પાર કરી ગઈ છે. ફોર્બ્સના જણાવ્યા અનુસાર તેમની સંયુક્ત સંપત્તિ ૧.૧ ટ્રિલિયન ડોલરે પહોંચી છે, જે ૨૦૨૩ના ૭૯૯ અબજ ડોલરની તુલનામાં ૪૦ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ભારતીય શેરબજારમાં મોટો ઉછાળો સંપત્તિમાં ઉછાળાનું મુખ્ય કારણ છે. ગયા વર્ષથી અત્યાર સુધીમાં સેન્સેક્સ ૩૦ વર્ષ વધ્યો છે. ફોર્બ્સના અહેવાલમાં જણાવ્યા અનુસાર શેરબજારની તેજીને કારણે લિસ્ટમાં સામેલ ૮૦ ટકાથી વધુ સંપત્તિવાન બન્યા છે. જેમાં ૫૮ લોકોની સંપત્તિમાં એક અબજ ડોલરનો ઉમેરો થયો છે. ઓ પી જિંદાલ ગ્રૂપના સાવિત્રી જિંદાલ ૪૩.૭ અબજ ડોલરની સંપત્તિ સાથે ત્રીજા, શિવ નાદર ૪૦.૨ અબજ ડોલરની નેટ વર્થ સાથે ચોથા અને સન ફાર્માના સ્થાપક દિલીપ સંઘવી ૩૨.૪ અબજ ડોલરની સંપત્તિ સાથે પાંચમા ક્રમે રહ્યા છે. ટોરેન્ટ ફાર્માના સુધીર અને સમીર મહેતાની સંપત્તિ બમણા કરતાં પણ વધુ વૃદ્ધિ સાથે ૧૬.૩ અબજ ડોલરે પહોંચી છે.

# ઈઝરાયલ-હિઝબુલ્લાહ યુદ્ધ વચ્ચે ૬૦૦ ભારતીય સૈનિકો પર ખતરો

### સંયુક્ત રાષ્ટ્રએ દક્ષિણ લેબેનોનમાં ૧૦,૦૦૦ સૈનિકો તૈનાત કર્યા છે, જેમાં લગભગ ૯૦૦ ભારતીય સૈનિકો પણ સામેલ છે

। (એજન્સી) લેબેનોન, તા.૧૧ ।

લેબેનોનમાં ચાલી રહેલું યુદ્ધ ઉગ્ર બની રહ્યું છે. દક્ષિણ લેબેનોનને હિઝબુલ્લાહથી સાફ કરવા માટે ઈઝરાયલી સેના હુમલાઓ કરી રહી છે. ઘણા દિવસના પ્રયાસો બાદ પણ ઈઝરાયલની સેના વધુ આગળ વધી શકી નથી. હિઝબુલ્લાહ લડવૈયાઓ ઈઝરાયલી સેનાને રોકવામાં વ્યસ્ત છે. સંયુક્ત રાષ્ટ્રએ દક્ષિણ લેબેનોનમાં ૧૦,૦૦૦ સૈનિકો તૈનાત કર્યા છે, જેમાં લગભગ ૯૦૦ ભારતીય સૈનિકો પણ સામેલ છે. આ હુમલા બાદ સંયુક્ત રાષ્ટ્રથી



લઈને દુનિયાભરના દેશોમાં દરેક લોકો ગુસ્સે છે. ઈઝરાયલનો દાવો છે કે તે માત્ર હિઝબુલ્લાહના સ્થાનોને નિશાન બનાવી રહ્યું છે. લેબેનોનના દક્ષિણી ક્ષેત્રમાં ઈઝરાયેલની સરહદ નજીક સંયુક્ત રાષ્ટ્ર ઈન્ટરિમ ફોર્સ (UNIFIL)ના ૧૦ હજાર સૈનિકો તૈનાત છે. સંયુક્ત રાષ્ટ્રની સેના ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચે યુદ્ધવિરામની માંગ કરી રહી છે.

આ હુમલામાં સંયુક્ત રાષ્ટ્ર સેનાના ૨ શાંતિ રક્ષક સૈનિક ઘાયલ થયા હતા. આ ઘાયલ ઈન્ડોનેશિયાના સૈનિકો હાલ હોસ્પિટલમાં છે. ઈન્ડોનેશિયાના ઘણા સૈનિકો પણ હાલમાં દક્ષિણ લેબેનોનમાં સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા દળમાં સામેલ છે. ઈન્ડોનેશિયાના રાજદૂતે ઈઝરાયલને ઠપકો આપતા કહ્યું હતું કે, 'ઈઝરાયલ પોતાને આંતરરાષ્ટ્રીય કાયદાથી ઉપર માને છે.' તેમજ સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા સૈનિકોના વડાએ કહ્યું છે કે આ પીસકીપિંગ ટુકડીઓ ગંભીર જોખમનો સામનો કરી રહી છે. સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા દળના વડાએ કહ્યું કે, 'રવિવારે ૩૦૦ સૈનિકોને બીજી જગ્યાએ તૈનાત કરવા પડ્યા હતા. તેમજ હજુ વધુ ૨૦૦ સૈનિકોને અન્ય જગ્યાએ તૈનાત કરવામાં આવશે.' ભારતના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે, 'અમે બ્લૂ લાઈન પર બગડતી સુરક્ષા સ્થિતિને લઈને ચિંતામાં છીએ. અમે સ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ. સંયુક્ત રાષ્ટ્ર પરિસરનું સૌએ સન્માન કરવું જોઈએ અને સંયુક્ત રાષ્ટ્રે શાંતિ સૈનિકોની સુરક્ષા નક્કી કરવા માટે યોગ્ય પગલું ઉઠાવવું જોઈએ.' હવે સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા સૈનિકોની સુરક્ષા પણ જોખમમાં છે. અગાઉ ભારતે કહ્યું હતું કે તણાવ બાદ પણ ભારતીય સૈનિક લેબેનોનમાં હાજર રહેશે.



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# શરૂ થઈ રહ્યો છે ભારતનો સૌથી વિશાળ

# શૉપિંગ ફેસ્ટિવલ

AHMEDABAD
SHOPPING FESTIVAL
Something for everyone!

12th Oct, 2024 to 14th Jan, 2025 (દશેરાથી ઉત્તરાયણ સુધી)

માનનીય મુખ્યમંત્રી

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના

વરદ્હસ્તે ઉદ્ઘાટન

12 ઑક્ટોબર 2024, શનિવાર | સાંજે 6 વાગે

મોન્ટે કાર્લો ઑક્સિજન પાર્ક પાસે, સિંધુ ભવન રોડ, અમદાવાદ



- 4 ખાસ શૉપિંગ ડિસ્ટ્રિક્ટ્સ
- 14 મનોરંજક હૉટસ્પોટ્સ
- 05 રોમાંચક થીમ્સ
- 1000+ સ્ટોર્સ
- 300+ જ્વેલરી શૉપ્સ
- 05 મૉલ્સ



50%* સુધીનું ડિસ્કાઉન્ટ

ખરીદો અને જીતો
મેગા પ્રાઇઝીસ
મહોત્સવના લકી ડ્રૉમાં જોડાઓ અને આકર્ષક ઇનામો જીતો

ફેસ્ટિવલમાં જોડાવવા માટે

www.ahmedabadshoppingfestival2024.com
વિઝીટ કરો, તમારી માહિતી ભરો, વિશિષ્ટ QR કોડ મેળવો
અને ફેસ્ટિવલની સ્પેશિયલ ઑફર અનલૉક કરો.

વેબસાઈટ માટે
QR કોડ સ્કૅન કરો

*શરતો લાગુ. ઑફર્સ મર્યાદિત સમય અને ફક્ત પાર્ટનર સ્ટોર્સ પર ઉપલબ્ધ છે. પૂર્વ સૂચના વિના ઑફર્સમાં ફેરફાર થઇ શકે છે.